ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યા વગર પરત મોકલવું.

આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા (ઓછા-વત્તા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૨ માર્ચ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પૂછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો.

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

### સત્સંગ શિક્ષણ પરીક્ષા

# પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ ખંડ - ૨ : પ્રશ્નપત્ર - ૧

જાન્યુઆરી, ૨૦૧૪ | સમય : સવારે ૯ થી ૧૨ | કુલ ગુણ : ૧૦૦

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

**☞ પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**☞ ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત ☜**

**વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહિ.**

પરીક્ષાર્થીની જન્મ તારીખ: તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ ........................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઇઝરે સહી કરવી.

**વર્ગસુપરવાઇઝરની સહી** ..................................................

**☞ નીચે દર્શાવેલી સૂચનાઓ વાંચવા ખાસ વિનંતી :-**

**૧.** મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

**૨.** જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.

**૩.** પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ.

**૪.** મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના કે પુરવણી જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.

**૫.** **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

**૬.** પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.

**૭.** **પરીક્ષાખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

**૮.** **પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન** કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઇલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧ (૪) | |
| | ૨ (૪) | |
| | ૩ (૩) | |
| | ૪ (૪) | |
| | ૫ (૬) | |
| વિભાગ - ૧, કુલ ગુણ (૨૧) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૬ (૧૨) | |
| | ૭ (૮) | |
| | ૮ (૧૨) | |
| | ૯ (૮) | |
| વિભાગ - ૨, કુલ ગુણ (૪૦) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧૦ (૧૨) | |
| | ૧૧ (૬) | |
| | ૧૨ (૬) | |
| | ૧૩ (૧૫) | |
| વિભાગ - ૩, કુલ ગુણ (૩૯) | | |

પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી

............................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . . .

ચેકર - નામ

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્ર. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** **[૪]**

૧. ભગવાનના માર્ગમાંથી કોને પડ્યો જાણવો ?

૨. શૂરવીરને શાનો ભય અને લોભ નથી ?

૩. કોના જેવી દૃઢતાવાળો ભક્ત પૂર્વજન્મનો ભગવાનનો ભક્ત છે ?

૪. કારણ શરીરરૂપ જે માયા તે જીવથી કેમ જુદી પડતી નથી ?

**પ્ર. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** **[૪]**

૧. જ્યારે મંદ શ્રદ્ધાવાળાનું અનેક જન્મે કલ્યાણ થાય ત્યારે ત્યાં સુધી તે ક્યાં રહેતો હશે ?

૨. કઈ વાત દેહ મૂકીને ભાગવતી તનુ ધારણ કરીને પણ કરવાની છે ?

૩. ગ. મ. ૨૨ પ્રમાણે શૂરવીર ભક્તની સમજણ કેવી હોય ?

૪. શ્રીજીમહારાજ અહીં શું જોઈને ટક્યા છે ?

( )

**આ પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રમાણે પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

**પ્ર. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** **[૩]**

૧. કૂવો ગાળવાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત

૨. મથુરા જતાં શ્રીકૃષ્ણના નેત્ર સામે જોતાં ગોપીઓ બીનીયો

૩. વૃત્રાસુરની પેઠે જ્ઞાન જાય નહિ.

( )

**પ્ર. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. વંશીપુરનું રાજ્ય નીલકંઠવર્ણીને નાશવંત ને તુચ્છ સરખું જણાયું.
૨. નિષ્કુળાનંદ સ્વામીએ જીહ્વા ઈન્દ્રિયને દંડ દેવા માટે પુરુષાતન રાખીને ખૂબ મરચાં ખાધા.
૩. આચાર્યના પુત્ર હોવા છતાં કેશવપ્રસાદજી મહારાજને રજોગુણનો સંગ હતો તે ભગવાનનું સુખ આવ્યું નહિ.
૪. તેજાભાઈ વણકરે વાણિયાની રસોઈનો અસ્વીકાર કરીને નિયમ પાળ્યો તો પાકા હરિભક્ત કહેવાણા.

( ) **સંદર્ભ :** ..................................................

..................................................

..................................................

**સમજૂતી :** ..................................................

..................................................

..................................................

..................................................

..................................................

**પ્ર. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૬]

૧. અને આવી વાત સાંભળીને ..................................................

..................................................

..................................................

.................................................. કોઈ મોટું સાધન નથી.
૨. માટે ભગવાનની આજ્ઞાએ ....... આવીને નિવાસ કરે છે.
૩. માટે જેનો સંગ કર્યા થકી ....... ત્યાગ કરવો.

**વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ અને ૪' - નવી આવૃત્તિના આધારે**

**પ્ર. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. ક્ષમાધર્મના ધારક અને પ્રવર્તક - શ્રીજીમહારાજ
૨. શ્રીજીમહારાજના પરમહંસોની સહનશક્તિ અને શ્રીહરિનો પુણ્યપ્રકોપ
૩. સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવ

( ) ..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

**પ્ર. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [ ૮ ]

૧. 'લગાડી તેં પ્રીતિ લાલ રે.....' કીર્તનનો ઈતિહાસ
૨. ખૈયાખત્રીનું પરિવર્તન
૩. જાળિયાની જવરલીલા

(    ) **પ્રસંગ - ૧ :** ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્રસંગ - ૨ :** ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્ર. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [ ૧૨ ]

૧. જેતલપુરની ગણિકા પાવન બને છે.
૨. મહારાજ ખભા ઉપર મોભ ઊંચકે છે.
૩. લાડુદાનજી ગઢડા પધારે છે.
૪. તમારી ગાળો અમને મીઠી લાગી.
૫. ઘીના ચોસલાની રસોઈ.

(    ) ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**મનન :-** ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્ર. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** **[૮]**

૧. મહાનુભાવાનંદ સ્વામી　　　　　　૨. જાલમસિંહ (ઘોડાસરના રાજા)

( ) ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**વિભાગ - ૩ : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો.** **[૧૨]**

૧. સત્સંગ માટે ભીડો, એ જ યોગીરાજનો આરામ　　　　૨. કલ્યાણના સદાવ્રતી યોગીરાજ

૩. યોગીજી મહારાજની ઑફિસનો અનુપમ પત્રવ્યવહાર

( ) ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્ર. ૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> ઉપર પ્રસંગો લખો. (દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [ ૬ ]

૧. ગઢડા તીરથધામમાં યોગીજી મહારાજનો અઢળક આનંદ

૨. બાળપણમાં પ્રગટ થતી ઝીણાભગતની વૈરાગ્યવૃત્તિ

૩. સાત સમેલિયા યોગીરાજ

૪. યોગીજીની છાયામાં યુવકોની મોક્ષની કવાયત

(    ) **પ્રસંગ - ૧ :** ..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**પ્રસંગ - ૨ :** ..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**પ્ર. ૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>બે</u> પ્રસંગ વર્ણવી મનન લખો.** [ ૬ ]

૧. અમૃત મહોત્સવની ઉજવણી પછી ઉતારે જઈને તાંદળજાની ભાજી તોડવા લાગ્યા.

૨. મને તો મારી જયંતી ઊજવે એ ન ગમે.

૩. બટાટા રાખથી ઉટકાવ્યા.

૪. પાલિતાણામાં ઠાકોર સાહેબને ત્યાં દૂધ અંગીકાર ન કર્યું.

(    ) ..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**મનન :-** ..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. બી. એ. પી. એસ. યુવાપ્રવૃત્તિનાં છ મૂલ્યો
(સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી-માર્ચ - ૨૦૧૩, પા. નં. ૨૮ થી ૩૩, ૩૬ થી ૩૯)
૨. નિત્યપૂજા : પરમાત્મા સાથે મુલાકાત (સ્વામિનારાયણ પ્રકાશ - જુલાઈ - ૨૦૧૩, પા. નં. ૯ થી ૧૩, ૩૭ થી ૪૧)
૩. સેવા-સમર્પણની ગાથા : લોસ એન્જલસ મંદિર (સ્વામિનારાયણ પ્રકાશ - જાન્યુઆરી - ૨૦૧૩, પા. નં. ૨૦ થી ૨૩)

( ) ....................................................................................................

☞ **પછીના પૃષ્ઠોમાં ઉપરોક્ત ત્રણેય નિબંધ દર્શાવેલ છે.**

અગત્યની નોંધ :-

ઉપરોક્ત પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.

* * *

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી **website - link** પરથી જૂનાં વર્ષોના પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**

આગામી વર્ષે ૨ માર્ચ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષાની પૂર્વતૈયારી માટે મુકાતા **પ્રી-ટેસ્ટના સંપૂર્ણ પ્રશ્નપત્રો હંમેશ મુજબ જાન્યુઆરીમાં (1st January, 2014ના રોજ) મુકાશે.** નિબંધ એ સામાન્ય જ્ઞાન સહિત મુક્ત વિષય હોય છે, જે અભ્યાસક્રમના પુસ્તકોમાંથી પૂછાતા નથી. આથી પરીક્ષાર્થીઓ નિબંધની તૈયારી સારી રીતે કરી શકે તે હેતુસર આપણે વહેલાસર ફક્ત તે યાદી આપની સમક્ષ મૂકી છે.

## પ્રી-ટેસ્ટના નિબંધોની યાદી - List of Pre-test Essays

### પ્રાજ્ઞ - ૨ - ૧ (Pragna-2-1)

૧. બી. એ. પી. એસ. યુવાપ્રવૃત્તિનાં છ મૂલ્યો (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી-માર્ચ - ૨૦૧૩, પા.નં. ૨૮ થી ૩૩, ૩૬ થી ૩૯)

૨. નિત્યપૂજા : પરમાત્મા સાથે મુલાકાત (સ્વામિનારાયણ પ્રકાશ - જુલાઈ - ૨૦૧૩, પા.નં. ૯ થી ૧૩, ૩૭ થી ૪૧)

૩. સેવા-સમર્પણની ગાથા : લોસ એન્જલસ મંદિર (સ્વામિનારાયણ પ્રકાશ - જાન્યુઆરી - ૨૦૧૩, પા.નં. ૨૦ થી ૨૩)

પરીક્ષાર્થી શ્રી,
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

**સત્સંગ શિક્ષણ પરીક્ષા માર્ચ ૨૦૧૪ના નિબંધોની પૂર્વ તૈયારી માટે નીચે જણાવેલ માર્ગદર્શન અને સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી.**

૧. નિબંધ એટલે કોઈ નિશ્ચિત વિષય ઉપર વ્યવસ્થિત, ચિંતનપૂર્વક અને મુદ્દાસરનું લખાણ. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પૂછાતા નિબંધો સામાન્ય જ્ઞાનના આધારે, પરીક્ષાર્થીના દૈનિક જીવનમાં સત્સંગના સદ્વાંચન અને કથા શ્રવણ અને મનન દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનની કસોટી કરતા ૩૫ થી ૪૦ લીટીમાં લખવાના હોય છે.

૨. પરીક્ષાર્થીઓની માગણીને માન આપીને આ વર્ષે પ્રી-ટેસ્ટમાં પૂછાનાર નિંબધોના વિષયો છ માસ અગાઉથી પરીક્ષાર્થીના એકાઉન્ટમાં અપલોડ કરવામાં આવ્યા છે.

૩. પ્રી-ટેસ્ટમાં જે તે પરીક્ષામાં પૂછાનાર નિબંધોના ત્રણે ત્રણ વિષયો આપવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૪ની ફાઈનલ પરીક્ષામાં આ ત્રણ વિષયોમાંથી કોઈપણ એક નિબંધ ચોક્કસપણે પૂછાશે જ. માટે જો આપ આ ત્રણે ત્રણ વિષયો તૈયાર કરશો તો આપ ચોક્કસપણે એક નિબંધ મુખ્ય પરીક્ષામાં ખૂબ જ સારી રીતે લખી શકશો.

૪. આ નિબંધોનું સામાન્ય બંધારણ, લખાણ(મેટર) મોટાભાગે ત્રણ - ચાર વર્ષ દરમ્યાનના સમયગાળામાં પ્રકાશિત થયેલ 'સ્વામિનારાયણ પ્રકાશ'માંથી લેવામાં આવે છે.

૫. અહીં આપેલા નિબંધોનું લખાણ કેવળ દિશા સૂચક છે. આ જ લખાણ ગોખીને પરીક્ષામાં લખવાની જરૂર નથી. આથી વિશેષ સારા મુદ્દાઓનું ચિંતન-મનન કરી આપની રીતે પૂર્વ તૈયારી કરીને લખી શકો છો.

૬. **ગુજરાતી માધ્યમ (ભાષા) સિવાયના પરીક્ષાર્થીઓ માટે :** આ નિબંધોનું મૂળ પ્રકાશન ગુજરાતી ભાષામાં જ હોવાથી તેનું શબ્દશઃ ભાષાંતર ન કરતાં, તેનો ભાવાર્થ સમજીને પરીક્ષાર્થીએ પોતાની રીતે સમજીને તૈયારી કરવાની રહેશે. પરીક્ષા કાર્યાલય અંગ્રેજી કે હિન્દી ભાષામાં આ નિબંધોનું ભાષાંતર આપી નહિ શકે. તેથી ભાષાંતર કરવા અંગેનો પત્રવ્યવહાર કે ઈ-મેલ પણ પરીક્ષા કાર્યાલયને કરશો નહિ તેવી નમ્ર વિનંતી છે.

૭. ગુજરાતી ભાષા વાંચી, લખી કે બોલી ન શકતા હોય તેવા પરીક્ષાર્થીઓએ માતા-પિતા, વડીલો કે અન્ય સ્વજનો-સ્નેહીઓ પાસે વંચાવીને નિબંધનો ભાવાર્થ સમજી પોતાની રીતે, પોતાના શબ્દોમાં લખીને તૈયારી કરવાની રહેશે.

૮. One essay from the above list of essays will be asked in the Final Examination of March-2014.

# પ્રાજ્ઞ-૨

## (૧)

## બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનાં છ મૂલ્યો

■ **બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનાં છ મૂલ્યોની પ્રસ્તુતિ**

આજથી છ દાયકા પહેલાં બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનું બીજ અંકુરિત થયું હતું બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના નિઃસ્વાર્થ પ્રેમથી. એ બીજ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અપાર વાત્સલ્ય અને પુરુષાર્થથી વટવૃક્ષ બનીને આજે સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયું છે. બી.એ.પી.એસ.ની આ યુવાપ્રવૃત્તિના વટવૃક્ષનાં મધુર ફળોનો આસ્વાદ લાખો લોકો માણી રહ્યા છે.

આ યુવાપ્રવૃત્તિનું લક્ષ્ય છે - યુવાનોમાં પવિત્ર વૈદિક મૂલ્યોનું સિંચન. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી દેશ-વિદેશમાં હજારો યુવાપ્રવૃત્તિ કેન્દ્રો દ્વારા યુવાનોમાં આ વૈદિક મૂલ્યોનું સિંચન થઈ રહ્યું છે. એવાં મૂલ્યોથી વિભૂષિત અસંખ્ય યુવાનોને વધાવતાં આજે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનાં પ્રાણવંત છ મૂલ્યોની ગાથા સૌ માણવાના હતા.

બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના એ છ મૂલ્યો છે : સંઘનિષ્ઠા (એકતા), સંયમ, સેવા, સંસ્કાર, સત્સંગ અને ગુરુભક્તિ.

આજે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિની એક ઓળખ બની ગયેલાં આ છ મૂલ્યોની વિભિન્ન અને વિશિષ્ટ પ્રસ્તુતિએ સૌને દંગ કરી દીધા. આ પ્રત્યેક મૂલ્યની પ્રસ્તુતિમાં ઊંડું ચિંતન હતું, સાથે સાથે ગીત-સંગીત-નૃત્યની જમાવટ સાથે મંચ પર સેંકડો યુવાનોની અદ્‌ભુત સંદેશની સ્પષ્ટતા હતી.

આ પ્રસ્તુતિમાં સૌપ્રથમ મૂલ્ય હતું - એકતા, સંઘનિષ્ઠા.

■ **યુવાપ્રવૃત્તિનું પ્રથમ મૂલ્ય : સંઘનિષ્ઠા**

સંઘનિષ્ઠા એટલે એકતા.

આજે અહીં એક વિરાટ બી.એ.પી.એસ. યુવા પરિવાર થનગનતો હતો, જેનું લક્ષ્ય એક છે, જેનો ઊર્જાસ્રોત પણ એક છે. એ યુવાનોને જોઈને એક પ્રતીતિ થતી હતી કે યુવાશક્તિ જો સંગઠિત બને તો અસંભવ કાર્ય પણ સંભવિત બને છે. ગુરુહરિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ભિન્ન ભિન્ન ભૂમિકાના યુવાનોને એક આધ્યાત્મિક ઓળખ આપીને એક સૂત્રમાં જોડ્યા છે અને એક યુગકાર્ય કર્યું છે. એટલે જ સૌ ખભેખભા મિલાવીને આત્મીયતાથી આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરી રહ્યા છે. બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના દેશ-વિદેશમાં ફેલાયેલાં હજારો કેન્દ્રોના યુવાનોની એકતાનો પવિત્ર મંત્ર અહીં ગુંજતો હતો.

*'હમ હૈં બી.એ.પી.એસ. કે યુવા, હમ યુવા નવયુવા,*
*હમ હૈં સ્વામી કી સંતાન...'*

આ પંક્તિઓ સાથે મંચ પર બી.એ.પી.એસ.ના ષષ્ટિપૂર્તિ મહોત્સવ ઉપક્રમે તૈયાર કરેલાં ટી-શર્ટ અને કૅપ સાથે જોશીલા યુવકોનું આગમન થયું. યુવાનોએ જુસ્સા સાથે શૌર્યનૃત્ય રજૂ કર્યું. નૃત્યગીતના શબ્દે શબ્દે જાણે વિશાળ યુવા-સમુદાયમાં પણ નવી ચેતના પ્રગટી રહી હોય તેમ સૌ એ શબ્દોમાં ગુલતાન થઈ ઊઠ્યા.

*'સંગચ્છધ્વં સંવદધ્વં સં વો મનાંસિ જાનતામ્...'*

આ વૈદિક મંત્રગાન સાથે મંચ પર દેશ-પરદેશના ધ્વજના કટ-આઉટ લઈને આવ્યા.

*'સરગમ ચાહે અલગ અલગ પર, ગીત હમારા એક હૈ,*
*દેશ વેશ હો અલગ અલગ પર, દિલ હમારા એક હૈ...'*

પંક્તિ ગુંજતી હતી અને હાથમાં વિવિધ દેશોના ધ્વજ લઈને નૃત્ય કરતાં કરતાં યુવાનોએ તમામ દેશોના ધ્વજને સંયુક્ત રીતે જોડીને તેમાંથી જ બી.એ.પી.એસ.નો ધ્વજ રચીને સૌને સ્તબ્ધ કરી દીધા. સાર એ જ હતો કે બી.એ.પી.એસ. સંસ્થાના યુવાનો ભલે દુનિયાના કોઈપણ દેશમાં દૂર સુદૂર વસતા હોય, તેમ છતાં સૌ દિલથી એક જ તંતુથી જોડાયેલા છે - બી.એ.પી.એસ. ! આ પ્રસ્તુતિ સાથે જ સ્ટેડિયમમાં છવાયેલા હજારો યુવાનોએ તાળીઓનો ગડગડાટ કરીને પ્રતિધ્વનિત કર્યું કે *'અમે સૌ યુવાનો, એક જ બી.એ.પી.એસ. પરિવારના સભ્યો છીએ...'*

આ અદ્‌ભુત પ્રસ્તુતિ બાદ સંઘનિષ્ઠા-એકતાની પવિત્ર ભાવનાનું ગાન કરતાં વિશ્વભરમાં ફેલાયેલાં બી.એ.પી.એસ. દ્વારા યુવાકેન્દ્રોની એક વીડિયો ઝલક પ્રસ્તુત થઈ, જેમાં વિશ્વના પાંચેય ખંડોમાં ચાલતાં યુવક-યુવતીમંડળોનું ગૌરવભર્યું નિદર્શન હતું.

બી.એ.પી.એસ.ના યુવાનોની આ સંઘનિષ્ઠા વિશે ઉદ્‌બોધન કરતાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ જણાવ્યું : 'આજે આટલી મોટી સંખ્યામાં આપણે સૌ એકત્રિત થયા છીએ એના મૂળમાં છે -સંઘનિષ્ઠા. અને એ સંઘનિષ્ઠાના મૂળમાં છે સ્વરૂપનિષ્ઠા. સ્વરૂપનિષ્ઠા એટલે ભગવાન અને ગુણાતીત સત્પુરુષમાં દૃઢ શ્રદ્ધા. શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે; ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે; શ્રી ભગતજી મહારાજ, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ ગુણાતીત સત્પુરુષ છે. તેઓ જ મોક્ષનું દ્વાર છે, આપણા ગુરુ છે. આ વાત સૌનાં હૃદયમાં દૃઢ છે એ જ આ સંઘનિષ્ઠાનું કારણ છે. પરંતુ હજુ એમાં ઘણું આગળ વધવાનું છે.' એમ કહીને તેઓએ 'બી.એ.પી.એસ. એક પરિવાર'ની વૈશ્વિક ભાવના દૃઢ કરાવી.

સંઘનિષ્ઠાની આવી પ્રભાવક રજૂઆત બાદ, દ્વિતીય મૂલ્ય સંયમની પ્રસ્તુતિ શરૂ થઈ.

### ■ યુવાપ્રવૃત્તિનું દ્વિતીય મૂલ્ય : સંયમ

બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિની બીજી ઓળખ છે - સંયમ.

આજે વિશ્વમાં ચોતરફ વ્યસનો, સ્વચ્છંદતા અને નિરંકુશ ભોગવૃત્તિની આંધી ઊઠી છે, તેવા સંજોગોમાં પણ બી.એ.પી.એસ.ના હજારો યુવાનો સંયમમાં અવિચલ રહે છે. એટલું જ નહીં, તેઓ અસંયમી વૃત્તિઓને પોતાની ઉપસ્થિતિ માત્રથી દૂર ધકેલી શકે છે. બી.એ.પી.એસ.ના યુવાનોના આ દ્વિતીય મૂલ્યને પ્રસ્તુત કરતી વિશિષ્ટ રજૂઆત મંચ પર શરૂ થઈ.

ભયાનક અવાજમાં વ્યસનોનો હાહાકાર નાદ ગુંજવા લાગ્યો. યુવાનોમાં આતંક ફેલાવનાર દારૂની બોટલો, સિગારેટ, હુક્કા, ડ્રગ્સનાં ઇન્જેક્શન, ગુટખા પાઉચ, સિગારેટ-બીડીના ઝુંડા વગેરે દુરાચારો મંચ પર જીવંત બનીને વિકરાળ નૃત્ય કરવા લાગ્યાં.

*'ફેલાયે આંતક જહાં પે, હમ સબ હૈં શૈતાન,*
*કર દેંગે બરબાદ સભીકો, હમ હૈં સબ શૈતાન...'*

મસ્તીમાં ઝૂમતા આ શેતાનોની વચ્ચે અચાનક જ મંચ પર પ્રવેશ થયો - બી.એ.પી.એસ.ના ચારિત્ર્યવાન યુવાનોનો. *'યહ કૌન આ રહા હૈ ?'* સવાલ કરતાં અસંયમરૂપી શેતાનો બી.એ.પી.એસ.ના ચારિત્ર્યવાન યુવાનોના પ્રભાવથી દૂર ભાગવા લાગ્યા. એકાએક મંચ પર દીપકનાં અજવાળાં પ્રસરવાં લાગ્યાં. સેંકડો દીપક સાથે યુવકો મંચ પર આવી પહોંચ્યા. વ્યસનરૂપી શેતાનો દૂર ભાગ્યા અને પંક્તિઓ ગુંજી :

*'ચારિત્ર્ય કે હમ દીપક હૈં, સંયમ હમારી ધરોહર હૈ,*
*હમ હૈં સંયમી યુવા, સંયમી યુવા, સંયમી યુવા...*
*ધર્મનિયમ સે સદા સુરક્ષિત, સંયમ સે બલવાન,*
*હમ યુવા, નવ યુવા, હમ હૈં બી.એ.પી.એસ. કે યુવાન...'*

આ પ્રસ્તુતિ દ્વારા બી.એ.પી.એસ.ના યુવાનો જ્યાં પહોંચે ત્યાં દૃઢ ચારિત્ર્ય-સંયમનાં અજવાળાં પાથરે છે, એની સૌને ઝાંખી થઈ.

બી.એ.પી.એસ.ના અનેક યુવાનો પ્રાણના ભોગે પણ ભગવાન સ્વામિનારાયણે આપેલા સદાચાર-સંયમ-નિયમોનું દૃઢતાથી પાલન કરે છે. કઠિન પરિસ્થિતિમાં પણ ક્યારેય નિયમ-પાલનમાં સમાધાન કરતા નથી. એવા હજારો યુવાનો પૈકી એક યુવાનની સત્ય ઘટના મંચ પર એક સંવાદરૂપે પ્રસ્તુત કરવામાં આવી. એ યુવાન એટલે અંબારામ જાદવ. ભારતીય લશ્કરમાં ફરજ બજાવતા આ યુવાને, કારગિલ યુદ્ધ વખતે કઠિન સંજોગોમાં પણ, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી નિયમોનું દૃઢતાથી પાલન કર્યું હતું, તેની રોમાંચક રજૂઆત સૌને ખૂબ પ્રભાવિત કરી ગઈ. સંવાદનું લેખન કર્યું હતું - આદર્શજીવનદાસ સ્વામીએ.

બી.એ.પી.એસ.ના યુવાનો ચારિત્ર્યના દીપક બનીને સમાજમાં અજવાળાં પાથરી રહ્યાં છે, તેની અદ્‌ભુત રજૂઆત માણ્યા બાદ બી.એ.પી.એસ.ના તૃતીય મૂલ્ય 'સેવા'ની રજૂઆત શરૂ થઈ.

### ■ યુવાપ્રવૃત્તિનું તૃતીય મૂલ્ય : સેવા

બી.એ.પી.એસ.ના યુવાનોની ત્રીજી ઓળખ છે - સેવા. બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ દ્વારા યુવકો સેવાની દીક્ષા પ્રાપ્ત કરે છે. માત્ર પોતાના માટે નહીં, પરંતુ બીજાના ભલા માટે જીવન જીવવાની પ્રેરણા તેઓ અહીં મેળવે છે. ક્રિયા નાની હોય કે મોટી, પરંતુ જ્યારે તેને નિઃસ્વાર્થ સેવાનું સ્વરૂપ મળી જાય છે ત્યારે તે બધી જ સેવા મહાન બની જાય છે અને તે મહાન સેવા સાધારણ યુવકોને પણ મહાન બનાવી દે છે. યુવાનોને મહાન બનાવતા આ તૃતીય મૂલ્ય સેવાની પંક્તિઓ વાતાવરણમાં ગુંજવા માંડી.

*'સેવા જીવનમંત્ર હમારા, જનસેવા ઔર પ્રભુ કી સેવા,*
*સેવા હી જીવન હમારા...'*

આ સંગીતમય પંક્તિઓની સાથે સાથે, મંચ પર નૃત્ય કરતાં કરતાં સેંકડો યુવાનો બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ દ્વારા સમાજમાં થતી વિભિન્ન સેવાની પ્રસ્તુતિ કરવા લાગ્યા. મંચ પર ભાતભાતનાં દૃશ્યો રચાવાં લાગ્યાં. કેટલાક યુવકો મહાકાય તપેલાંઓમાં બેસીને તેને સાફ કરતા હતા, તો કેટલાક પાવડા અને તગારાં લઈ વિવિધ નિર્માણસેવા કરી રહ્યા હતા, કોઈ ભૂકંપ રાહતકાર્યમાં પ્રવૃત્ત હતા, તો કોઈ રોગનિદાન કેમ્પ દ્વારા રોગીઓની સેવા કરી રહ્યા હતા. એક તરફ સેવાનાં વિવિધ દૃશ્યો મંચ પર રચાતાં હતાં, તો મંચની બરાબર વચ્ચે કેટલાક યુવકો શ્રમ-યજ્ઞ કરીને એક દીવાલ રચી રહ્યા હતા. વીજળી વેગે દીવાલનું ચણતર પૂરું થયું અને દીવાલની પાછળ રહીને તેને ચણનારા સેવાધારી યુવકોએ તેને ૧૮૦ ડિગ્રી ઘુમાવી તો સૌને દીવાલ પર લખેલો મંત્ર 'સેવા' દૃશ્યમાન થયો. આ સમગ્ર પ્રસ્તુતિ એવી પ્રભાવક હતી કે સૌ અહોભાવ સાથે તાળીઓ પાડી ઊઠ્યા. સમગ્ર પ્રસ્તુતિનો એ મર્મ સૌને સ્પર્શી ગયો કે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ એક રચનાત્મક સેવાપ્રવૃત્તિ છે.

*'સેવા હૈ જીવનમંત્ર હમારા...'* એ પંક્તિઓ વિશ્વભરનાં હજારો બી.એ.પી.એસ. યુવાકેન્દ્રોમાં તૈયાર થયેલાં હજારો યુવક-યુવતીઓનાં જીવનમાં સાકાર થઈ છે. તેથી બી.એ.પી.એસ.નાં યુવક-યુવતીઓ પરમ પૂજ્ય સ્વામીશ્રીની પ્રેરણાથી સદા જનસેવા અને પ્રભુસેવામાં તત્પર રહે છે. પૂર-દુષ્કાળ-ભૂકંપ-સુનામી વગેરે પ્રાકૃતિક આપત્તિઓમાં બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના યુવકોએ કરેલાં અજોડ રાહતકાર્યોથી લઈને વ્યસનમુક્તિ અભિયાન અને પર્યાવરણ સેવાઓ સુધીની અનેક સેવાપ્રવૃત્તિઓની એક ઝલક મેળવી - વીડિયો દ્વારા.

આ વીડિયોમાં બી.એ.પી.એસ.ના યુવાનોની સેવા વિશે પ્રખ્યાત જૈનાચાર્ય પૂજ્ય મુનિ સુશીલકુમારજીનો વીડિયો-ઇન્ટરવ્યૂ પણ પ્રસ્તુત થયો : 'सेवा करनेवाले इतने अनुशासित और इतने नम्र, दूसरों के प्रति इतने उदार और अपने प्रति इतने संयमित – ये कार्य बहोत मुश्किल हैं।

સેવા આદિવાસીઓની હોય કે સુશિક્ષિત વર્ગની, બી.એ.પી.એસ.ના આ યુવાનો ક્યારેય ધર્મ, જાતિ કે બીજા કોઈપણ જાતના ભેદભાવ રાખતા નથી. બી.એ.પી.એસ.ના યુવાનો સમતાથી સેવા કરે છે. સેવા માટે જ અમેરિકામાં ઉચ્ચ પગારની પોતાની નોકરી છોડીને જીવનભર સંસ્થામાં સમર્પિત થઈ જનાર શ્રી કનુભાઈ પટેલે વીડિયો ઇન્ટરવ્યૂમાં જણાવ્યું : 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આ વિરાટ સેવાકાર્યમાં સેવા કરવાનો અવસર મને મળ્યો છે તેને હું મારું મોટું ભાગ્ય માનું છું. સેવામાં જ મારા જીવનની સાર્થકતા છે. મારા દ્વારા સંસ્થાની, સમાજની અને આ દેશની જે મહાન સેવા થઈ રહી છે તે જ મારા માટે

જીવનનું સૌથી મોટું વેતન છે.'

બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના આ સેવામૂલ્યનાં વીડિયો-દર્શન બાદ આદર્શજીવનદાસ સ્વામીએ એવી સેવાવૃત્તિથી થનગનતા હજારો યુવાનો પૈકી બે યુવાનોના અદ્ભુત પ્રસંગો વર્ણવ્યા. તેમાં પ્રથમ પ્રસંગ હતો - બ્રીજરાજસિંહ મૂકેશસિંહ ચાવડાનો. ગાંધીનગર સેક્ટર ૨૮માં ત્રણ વર્ષનું એક બાળક ૮૦ ફૂટ ઊંડા ખાડામાં પડી ગયું હતું. તેને પોતાના જીવના જોખમે ઉગારનાર બ્રીજરાજસિંહે બી.એ.પી.એસ.ની શાન વધારી છે.

બીજો પ્રસંગ હતો - મુંબઈના નીરલ સોની અને વિશાલ સોનીનો. મુંબઈમાં તેઓ જ્યાં રહેતા હતા તે બહુમાળી ઇમારત ધરાશાયી થઈ રહી હતી. એવા સમયે પોતાનું ઘર બચાવવાનું છોડીને સૌને બચાવવા માટે યાહોમ કરનાર હતા - બી.એ.પી.એસ.ના આ બે યુવાનો. અપૂર્વ સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડનાર આવા સેવાભાવી યુવાનોને સૌએ બિરદાવ્યા અને એવા હજારો યુવાનોની ફોજ ઊભી કરનાર મહાન સંત પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં મનોમન વંદના કરી.

યુવકોની આ સેવાભાવનાના મૂળમાં છે - તેમને સિંચાયેલા પવિત્ર સંસ્કારો. અને એ જ છે આ યુવાપ્રવૃત્તિનું ચતુર્થ મૂલ્ય.

### ■ યુવાપ્રવૃત્તિનું ચતુર્થ મૂલ્ય : સંસ્કાર

યુગોથી આપણી ભારતીય સંસ્કૃતિ ભૌતિક સમૃદ્ધિ કરતાં સંસ્કારોની સમૃદ્ધિને હંમેશાં વિશેષ મહત્ત્વ આપતી રહી છે. બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ એ પ્રાચીન ઋષિ-સંસ્કૃતિના સંસ્કારોથી નવી પેઢીને અલંકૃત કરે છે. યુવાનોએ સંસ્કારોના એ અલંકારની ખૂબ સુંદર પ્રસ્તુતિ મંચ પર કરી.

*'પવિત્ર વર્તનમ્ પવિત્ર ચિંતનમ્, નમ્રતા સાદગી શુદ્ધ જીવનમ્...'*

પવિત્ર સંસ્કારોની ઊર્જાનું દર્શન કરાવતા યુવાનોએ મંચ પર નૃત્ય સાથે વિશિષ્ટ પ્રસ્તુતિ કરી, એટલું જ નહીં, આ પ્રભાવક પ્રસ્તુતિની ચરમસીમા તો ત્યારે અનુભવાઈ જ્યારે સદ્ગુણોના સંસ્કારોની ગંગાને ગામોગામ પહોંચાડવા માટે યુવકો બળદગાડા સાથે મંચ પર પધાર્યા. અને *'સંસ્કૃતિ કે વાહક હમ હૈં, હમ હૈં બી.એ.પી.એસ. કે યુવા, હમ હૈં સ્વામી કી સંતાન...'*ના તાલે હજારો યુવકો ઝૂમી ઊઠ્યા.

કઠિન પરિસ્થિતિઓમાં પણ બી.એ.પી.એસ.ના યુવાનો જન જન સુધી સંસ્કારોનું વહન કેવા ઉમંગથી કરે છે તે સૌએ વીડિયો સ્ક્રીન પર માણ્યું. બી.એ.પી.એસ.ના યુવાનોએ વિવિધ સંસ્કાર પ્રવૃત્તિ દ્વારા સ્વામીશ્રીના *'ચારિત્ર્ય દૃઢ કરો ને ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો'*ના સૂત્રને ચરિતાર્થ કર્યું છે. બી.એ.પી.એસ.ના હજારો યુવાન કાર્યકરોએ વિષમ પરિસ્થિતિઓમાં પણ બાળસભા, યુવાસભા અને સંયુક્તસભાના માધ્યમથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રવાહિત સંસ્કાર-ગંગાને ઠેર ઠેર પહોંચાડી છે. સંસ્કાર પ્રવર્તન માટે સમર્પિત આ યુવાનોની અદ્ભુત ગાથા સૌએ વીડિયો દ્વારા માણી.

બી.એ.પી.એસ.ના હજારો યુવાનોના સંસ્કારોનો વધુ પરિચય આપતાં આત્મતૃપ્તદાસ સ્વામીએ ચરોતર પ્રદેશના સીસવા ગામના યુવાકાર્યકર પિંકેશ પટેલનો એક પ્રસંગ રજૂ કર્યો. સીસવા ક્ષેત્રના બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના નિર્દેશક આ યુવાન, ૧૮ વર્ષથી પોતાની માતાની લાકડી બનીને પુત્રધર્મ નિભાવી રહ્યો છે. 'માતૃદેવો ભવ'ના સંસ્કારોને ચરિતાર્થ કરનાર આવા હજારો યુવાનો બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિની સમાજને ભેટ છે.

### ■ યુવાપ્રવૃત્તિનું પંચમ મૂલ્ય : સત્સંગ

બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનું પંચમ મૂલ્ય છે - સત્સંગ.

પ્રમુખસ્વામી મહારાજે સત્સંગ એટલે કે આધ્યાત્મિકતાની આધારશિલા પર લાખો યુવાનોના જીવનમાં ચારિત્ર્યનું નિર્માણ કર્યું છે. આજે એ યુવાનોનાં હૃદયમાં ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અસીમ શ્રદ્ધા છે, મસ્તિષ્કમાં પ્રભુને પ્રસન્ન કરવાનો વિચાર છે, ક્રિયાઓમાં નવધા ભક્તિ છે અને વાણીમાં ભગવાનના ગુણગાન છે, આહાર-વિહારમાં તપ-વ્રત છે. એ જોઈને સૌને એ પ્રતીત થાય છે કે ખરેખર અહીં આધ્યાત્મિકતાએ જુવાની પ્રાપ્ત કરી છે - સત્સંગ દ્વારા.

મંચ પર યુવાનોએ બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના આ પાંચમા મૂલ્ય - સત્સંગ વિશે સુંદર રજૂઆત કરી.

*'હર મુશ્કિલ કા હલ, ભજન-ભક્તિ-સત્સંગ,*
*સ્થિર રહેં સુખ દુઃખ મેં લેકર, સ્વામિનારાયણ નામ....'*

આ પંક્તિઓ સાથે નૃત્ય કરતાં કરતાં મંચ પર યુવાનોના વૃંદે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ દ્વારા ચાલતા સત્સંગની અભિવ્યક્તિ કરી. સત્સંગની સામગ્રીરૂપે મહાકાય વચનામૃત, શિક્ષાપત્રીનાં આજ્ઞાવચનો, સ્વામીની વાતો તથા ગૌમુખી વગેરેનું મંચ પર નિદર્શન પ્રસ્તુત થયું. યુવકોએ 'સ્વામિનારાયણ નારાયણ, સ્વામિનારાયણ નારાયણ'ના તાલે નૃત્ય રજૂ કર્યું. નૃત્ય અંતર્ગત યુવકો ઉપવસ્ત્ર ધારણ કરી, હાથમાં ગૌમુખી લઈને આવ્યા ને પૂજાનું દર્શન સૌને કરાવ્યું. સત્સંગ એટલે કે આધ્યાત્મિકતાની આ પ્રસ્તુતિ પણ પ્રભાવક હતી. અને સૌ દર્શક યુવાનોનાં હૈયાં પર થતી સત્સંગની અસર તેથીય વધુ પ્રભાવક હતી.

જીવનમાં કઠિન સંજોગોમાં સામનો કરવાનો આવે છે ત્યારે જ સત્સંગ અને આધ્યાત્મિકતાનું ખરું મહત્ત્વ પ્રગટે છે. ક્યારેક જીવનમાં એવી સમસ્યાઓ આવે છે, જેમાં શરીરબળ, સંપત્તિબળ, બુદ્ધિબળ કે સામાજિકબળ વગેરે કોઈપણ બળ કામ કરી શકતાં નથી. એવા સમયે આધ્યાત્મિક શક્તિ જ સહાયક બને છે. બી.એ.પી.એસ.ની યુવાપ્રવૃત્તિમાં સત્સંગ દ્વારા હજારો યુવાનોને એવી આધ્યાત્મિક શક્તિની પ્રેરણા આપવામાં આવે છે. એટલે જ તેમનામાં કઠિનતમ પરિસ્થિતિઓનો સામનો કરવાની અડગ શ્રદ્ધા અને હિંમત પ્રગટ થાય છે.

સત્સંગની આ શાશ્વત મહત્તા સમજાવતો એક સત્ય પ્રસંગ સંવાદ દ્વારા પ્રસ્તુત થયો. અમેરિકાની ધરતી પર ઊછરેલા ૨૭ વર્ષીય સત્સંગી યુવાન નીરલની બંને કિડની નિષ્ફળ ગઈ, તેના કારણે તેના શરીર પર ૩૭ ઑપરેશન થયાં, છતાં પ્રાર્થના અને શ્રદ્ધાના વિશ્વાસે તે અગણિત બીમારીઓ વચ્ચે પણ સેવામાં અડગ રહે છે. બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના યુવાનની શ્રદ્ધાના આ પ્રસંગે કેટલાયને ગદ્ગદ કરી દીધા.

ભગવાન વિશે બોલવું એક બાબત છે અને તેમનામાં દૃઢ શ્રદ્ધા રાખીને જીવવું તે કંઈક અલગ બાબત છે. સામાન્ય સંજોગોમાં તો સૌ કોઈ આધ્યાત્મિકતાની ચર્ચા કરી શકે છે, પરંતુ જ્યારે જીવનમાં અસાધારણ આપત્તિ આવે ત્યારે મોટા મોટા તત્ત્વજ્ઞાનીઓ પણ વિચલિત થઈ જાય છે. સાચી આધ્યાત્મિકતાની કસોટી એવા વિપરીત સંજોગોમાં જ થાય છે. આજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે હજારો યુવકોનાં હૃદયમાં એવી સાચી આધ્યાત્મિકતા પ્રગટાવી છે. એ વિશે વધુ સ્પષ્ટ કરતાં પૂજ્ય મહંત સ્વામીએ જણાવ્યું : 'આપણે સૌએ જોયું કે બી.એ.પી.એસ.ના યુવાનોમાં સંપ, સેવાભાવના સંયમ, સંસ્કાર વગેરે મૂલ્યો છે. આ બધાંનાં મૂળમાં છે - આધ્યાત્મિકતા. આધ્યાત્મિકતા એટલે ભગવાનમાં શ્રદ્ધા. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ શ્રદ્ધાનું મૂર્તિમાન સ્વરૂપ છે. તેમને ગજબની શ્રદ્ધા. માન-અપમાન, ગમે તેટલી મુશ્કેલીમાં પણ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ, એમ જ માને કે કર્તાહર્તા ભગવાન છે. એવી જ શ્રદ્ધા હજારો

યુવાનોમાં, કાર્યકરોમાં અને હરિભક્તોમાં ઊતરી છે. અમે યોગી બાપાના યોગમાં આવ્યા એટલે જ ભગવાનમાં શ્રદ્ધા જાગી છે અને અમે સાધુ પણ એમના લીધે જ થયા છીએ. આજે હજારો યુવાનોમાં શ્રદ્ધા જોવા મળે છે, એ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનો એક ચમત્કાર જ છે.'

આ દિવ્ય ગુણાતીત ગુરુ, એમનો નિઃસ્વાર્થ પ્રેમ અને એમના પ્રત્યે યુવાનોની ગુરુભક્તિ એ જ છે - બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનું છઠ્ઠું મૂલ્ય.

## ■ યુવાપ્રવૃત્તિનું ષષ્ઠમ્ મૂલ્ય : ગુરુભક્તિ

આજે કેટલાયને પ્રશ્ન થાય છે કે ભૌતિકતા અને નાસ્તિકતાના કાદવ વચ્ચે આ જગતમાં બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ દ્વારા શ્રદ્ધા અને સદ્‌ગુણોથી સુવાસિત હજારો યુવા-કમળો કેવી રીતે ખીલી ઊઠે છે ?

એનો જવાબ છે - ગુરુભક્તિ.

સૂર્યોદય થતાં જ પુષ્પો સહજતાથી ખીલી ઊઠે છે તેમ, પ્રમુખસ્વામી મહારાજરૂપી ગુરુ-સૂર્યને કારણે આ હજારો યુવાપુષ્પો સદ્‌ગુણોથી ખીલી ઊઠ્યાં છે. મધુર ગીત-સંગીત સાથે તેની અનુભૂતિ કરાવતાં દશ્યો વીડિયો સ્ક્રીન પર દશ્યમાન થવા લાગ્યાં અને સાથે સાથે મંચ પર યુવાનોની રોમાંચકારી પ્રસ્તુતિ પણ શરૂ થઈ ગઈ.

દેદીપ્યમાન આધ્યાત્મિક સૂર્ય સમાન પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય પ્રકાશથી અનેક યુવાનો અધ્યાત્મ-ઊર્જા પ્રાપ્ત કરી રહ્યા છે - એની અનુભૂતિ કરાવતી પંક્તિઓ વાતાવરણમાં ગુંજતી હતી :

*'સૂરજ ગુરુહરિ પ્રમુખસ્વામી, સારા જગ કરે નમઃ નમામિ,*
*સૂરજ સે ખીલતે સદા, હમ ગુરુભક્તિ કરતે અદા,*
*હૈં સૂરજમુખી હમ યુવા હમ યુવા...*
*હમ હૈં બી.એ.પી.એસ. કે યુવાન, હમ હૈં સ્વામી કી સંતાન...'*

ઋષિમુનિઓ, સૂર્ય, સૂરજમુખી પુષ્પો અને વિવિધ માધ્યમોની પ્રસ્તુતિ સાથે નૃત્ય કરતાં યુવાનોએ સાથે મળીને સૂર્ય અને તેમાંથી પ્રકાશિત થતાં કિરણોની વિભિન્ન મુદ્રાઓ રચી. પ્રમુખસ્વામી મહારાજરૂપી સૂર્ય દ્વારા પ્રકાશિત યુવાસમાજની આ વિશિષ્ટ પ્રસ્તુતિને સૌએ ખૂબ ઉમંગપૂર્વક વધાવી. સૌ ગણગણતા હતા :

*'ગુરુકૃપા સે હમને પાયી, જીવન મેં હર એક ઊંચાઈ,*
*પલ પલ ઉત્સવ અવિરત શાંતિ, ગુરુ સે કર લી પ્રેમસગાઈ...'*

આ પંક્તિઓના ગુંજન સાથે હજારો યુવાનોમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિ ઝંકૃત થઈ ઊઠી હતી. હજારો યુવાનોનાં હૈયે પરમ પૂજ્ય સ્વામીશ્રીના અનંત ઉપકારોની સ્મૃતિ થઈ આવી હતી.

લોકોને સવાલ થાય છે કે ભૌતિકવાદની આંધી વચ્ચે પ્રમુખસ્વામી મહારાજ યુવાનોમાં કઈ રીતે અધ્યાત્મના ગુણોનો સંચાર કરે છે ? આ ચમત્કૃતિભરી સિદ્ધિ તેમણે કઈ રીતે મેળવી છે ? તેનો ઉત્તર મળ્યો - છેલ્લાં ૪૦ વર્ષોથી પરમ પૂજ્ય સ્વામીશ્રીની સાથે રહી તેઓનાં જીવન-વ્યક્તિત્વને નજીકથી નિહાળનાર પૂજ્ય વિવેકસાગર સ્વામીના ઉદ્‌બોધન દ્વારા. યુવાનો પર વાત્સલ્ય વરસાવતા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સ્વયં અનેક કષ્ટો વેઠીને, યુવાનોનાં જીવનમાં જે આમૂલ પરિવર્તન આણ્યું છે, તેની ઝલક મેળવીને સૌ ભાવવિભોર બન્યા.

સૌની એ ભાવનાને વાચા મળી એક વીડિયો દ્વારા.

*'હે ગુરુહરિ હે પ્રમુખસ્વામી, આપનો અનંત છે આભાર,*
*ઋણી છીએ સ્વામી તમારા, સ્વીકારો આપ વંદન અમારાં.'*

પંક્તિઓ સાથે સ્ક્રીન પર સરકતાં અદ્‌ભુત દશ્યોમાં યુવાનો પ્રત્યેના પરમ પૂજ્ય સ્વામીશ્રીના નિઃસ્વાર્થ વાત્સલ્યની પ્રતીતિ થતી હતી. સભામાં ઉપસ્થિત યુવાનો પણ આ દશ્યાવલિથી ભાવવિભોર થઈ મનોમન પરમ પૂજ્ય સ્વામીશ્રીનો આભાર માની રહ્યા હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રીને જોતાં જ યુવાહૃદય હિલોળે ચડે છે તે સર્વત્ર દશ્યમાન થતું હતું. સમગ્ર કાર્યક્રમની ધન્ય ક્ષણ પણ આવી ગઈ, પરમ પૂજ્ય સ્વામીશ્રીના વીડિયો આશીર્વાદની. પ્રવક્તાએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'સત્પુરુષમાં દઢ આત્મબુદ્ધિ એ જ પરમાત્માના સાક્ષાત્કારનું સાધન છે. આપ એવા ગુણાતીત સત્પુરુષ છો તો આપનામાં દઢ આત્મબુદ્ધિ કેવી રીતે થાય ?' તેના પ્રત્યુત્તરરૂપે સ્વામીશ્રીના વીડિયો-આશીર્વાદ શરૂ થયા અને વાતાવરણમાં દિવ્યતા છવાઈ ગઈ.

પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું : 'આજે સભામાં બધા યુવકો આવી ગયા છે. ઉત્સાહ પણ ઘણો દેખાય છે. આનંદ આનંદ છે, કારણ કે તેમના જીવનમાં સત્સંગ છે, ભગવાનમાં હેત છે અને આવી રુચિ છે. એટલે આનંદ છે. નહીંતર આવી ઉંમરમાં તો ક્યાંય પાર્ટીઓ થતી હોય ને બીજું કંઈક થતું હોય. અહીં બેસવું પણ ન ગમે અને તેના મનમાં એમ થાય કે આ શું આત્મબુદ્ધિ કરવી !? અને બહાર જાય તો ત્યાં બધાં ભેગા થાય ને આત્મબુદ્ધિ બહુ થાય ને એ જ વિચારમાં હોય !

પરંતુ અહીં તો આપણને યોગીબાપાના આશીર્વાદ મળ્યા છે. તેમણે કહ્યું છે, 'યુવકો મારું હૃદય છે.' હૃદયની કેટલી મહત્તા છે એ આપ બધા સમજતા હશો. જો હૃદય બંધ થયું તો બધું બંધ. જય સ્વામિનારાયણ ! પણ યોગીજી મહારાજની આપણા પર કેટલી દયા છે ! મોટા પુરુષને પોતાના સંબંધમાં લાવી સુખિયા કરવા છે. એટલે એમને યુવકો પર એવો પ્રેમ હતો.

યોગીજી મહારાજ આપણું હૃદય છે અને આપણે તેમનું હૃદય છીએ. આપણે હૃદયને કેટલું સાચવવું પડે ! એટલે જોગી મહારાજનું વચન પાળવું પડે કે ન પાળવું પડે ? જ્યારે આપણે એમનું હૃદય છીએ તો એમના હૃદયને જરા પણ તકલીફ ન થાય, કોઈ પણ મુશ્કેલી ન આવે એ રીતે આપણે જાણપણું રાખીને કામ કરવું. એટલે કે આપણાથી ખોટું કામ થાય નહીં. ખોટા વિચાર કરાય નહીં. કથાવાર્તા કીર્તન-ભજન થાય. જોગી મહારાજને જે ગમે તે કરીએ તો એ રાજી થાય. તેમને બહારનું નાટક-ચેટક વગેરે ગમતાં નથી. એમને ગમે છે સત્સંગ. યુવકમંડળમાં તમે સૌ આવ્યા એટલે યોગીજી મહારાજ અત્યારે અક્ષરધામમાં બેઠાં બેઠાં પણ રાજી થતા હશે ને કહેતા હશે કે 'ઓહોહો ! મારા યુવકો આવ્યા !'

આપણને તેમણે પોતાના માન્યા છે. આપણો આત્મા કોણ છે ? સત્પુરુષ. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ આપણો આત્મા છે. એમનાં દર્શન એ આત્માનાં દર્શન કર્યાં કહેવાય. નહીં તો (ધ્યાન-આત્મચિંતનમાં) અંધારું દેખાય. આ આપણો સિદ્ધાંત સમજવાનો છે. જો સત્પુરુષને વિષે પ્રીતિ-આત્મબુદ્ધિ હશે

તો બધું સવળું પડશે.

વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે ભગવાનના સાક્ષાત્ દર્શનનું પણ સાધન સત્પુરુષમાં આત્મબુદ્ધિ છે. સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ થાય તે ભગવાન શ્રીજીમહારાજનાં દર્શન તુલ્ય છે. આ સૌથી મોટો વિચાર છે. આ વિચારને જ આપણે દૃઢ કરવાનો છે. પૈસા ખર્ચીને સૌ અહીં આવ્યા છે, કંઈ નવરા નથી કે અહીં આવ્યા છો ! તમે બધા કામધંધો મૂકીને આવ્યા છો, તે આત્મદૃષ્ટિ કરવા માટે, સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરવા માટે.

સત્પુરુષની આ વાત સમજીને જ્યાં જાવ ત્યાં તમને આનંદ.

દુનિયાના કોઈપણ છેડે જાવ તોપણ તમને આનંદ જ રહેશે.

*'અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,*
*અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું...'*

આ કીર્તન રચાયું તે ઘડીએ હરિભક્તોને તિરસ્કાર સહન કરવો પડતો હતો. લોકો નાત બહાર મૂકતા હતા. તોપણ તે ઘડીએ શું બોલતા ? ભલે અમે ગમે તે છીએ પણ અમે સ્વામીના બાળક છીએ. શ્રીજીના પુત્રો છીએ. અમે સામાન્ય નથી. તે ઘડીએ હરિભક્તોમાં આવો જુસ્સો હતો.

તેમણે કષ્ટો વેઠીને પણ અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન છડે ચોક લહેરાવ્યું છે. તેમાં 'અમે બલિદાનો દઈશું.' એ ભાવ છે. યજ્ઞ કરે ત્યારે શ્રીફળ હોમાય તેમ હોમાવાનું છે. આપણે બીજાને કહીએ કે ભાઈ ! તું હોમાઈ જા. પણ એમ નહીં, પહેલાં પોતે હોમાવું પડે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને મોટા સંતો હોમાઈ ગયા, તો આજે આપણે તેમને યાદ કરીએ છીએ. તેઓ હોમાયા તેમનો વારસો યાદ કરવાનો છે. અને એ વારસો સાચવીશું તો ૧૦૦ વર્ષે આથીયે વધુ મોટો સત્સંગ થઈ જાય. હજુ આપણે ૧૦૦ વર્ષનો ઠેલ મારવાનો છે. આપણે કંઈ સામાન્ય થઈને બેસી રહેવાનું નથી. એમણે ૧૦૦ વર્ષનો ઠેલ મારી દીધો છે અને આપણે બધાં એ...ય આનંદ પ્રમોદ કરીએ છીએ. તો હવે આપણે એવું જીવન જીવીએ, એવું કાર્ય કરીએ કે જેથી કરીને આવા હજારો લાખો થઈ જાય અને ૧૦૦ વર્ષ સુધીનો ઠેલ વાગી જાય ! મડદાં થઈને બેસી રહેવાનું નથી. આપણે કોના પુત્રો છીએ? શ્રીજીના પુત્રો ! શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજના પુત્રો ! એ જ આપણો વારસો છે. એ વારસો એવો છે કે જેથી તમારે કોઈ જાતનું દુઃખ ન આવે.

શ્રીજીમહારાજ કહે છે કે આપણને જે વાત મળી છે તે સાચી વાત છે. આપણે ખોટી વાતનો તો પ્રચાર કરવાનો જ નથી. ખોટી વાત આપણે કરવી પણ નથી. ખટપટ કરવી નથી. મહત્તા મેળવવી નથી કે કંઈ લેવું નથી. *'મેં આ કર્યું', 'મારાથી થયું', 'હું જ આ કરી શકું'* - એવો કશો ભાવ જ નહીં. આપણે બધાએ દાસ અને સેવક થઈને જ કામ કરવાનું છે.

અને મહિમા, મહિમા અને મહિમા. બળભરી વાતો કરવી. જોગી મહારાજ કહેતા કે, બળભરી વાતો જ કરવી. સમૈયો તો સર્વોપરી થઈ ગયો ! અહોહો ! શું કથાવાર્તા ને શું દર્શન ! આ બધો જ વારસો છે. અનેક કષ્ટો વચ્ચે પણ આપણા પૂર્વજોએ બળભરી જ વાતો કરી છે. ક્યારેય મોળી વાતો કરી નથી. કોઈને પાછા પાડ્યા નથી અને આ સત્સંગ વધાર્યો છે. એ વારસામાં આપણે બેઠા છીએ. એ આપણે જેટલો સાચવીશું તેટલું આપણને સુખ અને શાંતિ છે. મેં કહ્યું ને કે ૧૦૦ વર્ષની ઠેલ એવી મારવી છે કે સત્સંગ ધમધોકાર ચાલે - પણ એ આપણા જીવનથી, આપણા વર્તનથી, આપણી સહનશીલતાથી, નમ્રતાથી. એમણે જેમ સત્સંગ વધાર્યો છે તેમ સંપ, સુહૃદભાવ અને એકતાના સિદ્ધાંતો રાખીને કરીશું, તો કોઈ વાંધો આવવાનો નથી. કોઈ સત્તા અને શક્તિ આપણને કંઈ જ કરી શકવાની નથી.

અહીંયાં બધાએ વાત તો કરી છે, પણ આવડી એવી વાત કરી છે, માટે બધાને આશીર્વાદ છે.'

પરમ પૂજ્ય સ્વામીશ્રીની અદ્‌ભુત, અદ્વિતીય જુસ્સાભરી વાણીએ સૌને દિવ્ય આધ્યાત્મિક બળથી છલકાવી દીધા.

આજના આ મહોત્સવમાં એક વિશિષ્ટ યુવાજાગૃતિ જ્યોતિ પણ બે વિભિન્ન પ્રદેશોમાંથી આવી હતી. એક યોગીજી મહારાજની જન્મભૂમિ ધારીમાંથી અને બીજી યોગીજી મહારાજે સૌપ્રથમ યુવકમંડળ સ્થાપેલ તે મહાનગર મુંબઈથી. ગામ ગામ અને જન જન સુધી યુવાજાગૃતિની જ્યોતિ પ્રસરાવતાં યુવાનો અહીં આવી પહોંચ્યા હતા. બી.એ.પી.એસ. પરિવેશમાં સજ્જ યુવકો મશાલ સાથે મંચ પર આવી પહોંચ્યા અને જોતજોતાંમાં આ મશાલની જ્યોતિ લઈને સેંકડો યુવક-યુવતીઓ સ્ટેડિયમમાં ઉપરથી નીચે ઊતરવા લાગ્યાં અને ચારેકોર ઝળહળતી વિરાટ જ્યોતિમાલા સમગ્ર સ્ટેડિયમમાં છવાઈ ગઈ. જાણે કે સમગ્ર યુવાશક્તિની ચેતના આ મશાલની જ્યોત દ્વારા ઝળહળી રહી હોય તેવું દૃશ્ય સર્જાયું. સર્વત્ર યુવક-યુવતીઓ અનેરા થનગનાટ અને જયજયકાર સાથે આ જ્યોતને વધાવી રહ્યા હતા. મંચ પર મશાલ લઈને આવેલા યુવકોએ મંચ પર જ, યુવાપ્રવૃત્તિની ૬૦ વર્ષની સ્મૃતિરૂપે '૬૦' આકારમાં ગોઠવાઈ અનોખી ભાત પાડી. સર્વત્ર યુવા ષષ્ટિપૂર્તિ મહોત્સવનો જયજયકાર થઈ ગયો.

એ જ્યોતિર્મય વાતાવરણમાં જ સૌ પ્રતિજ્ઞાબદ્ધ થયા. બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયના સંચાલક યજ્ઞપ્રિયદાસ સ્વામીએ પ્રતિજ્ઞા બોલાવડાવી. 'હે પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ ! હે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ ! આજે અમે બી.એ.પી.એસ.ના યુવાનો આપની સમક્ષ પ્રતિજ્ઞા કરીએ છીએ કે, આપના સંકલ્પ અનુસાર અમારા જીવનમાં સદા માટે ચારિત્ર્ય દૃઢ રાખીશું અને ચારિત્ર્યવાન સમાજનું નિર્માણ કરીશું. સમર્પણને અમારો જીવનમંત્ર બનાવીને ભગવાનની, સંસ્કૃતિની, રાષ્ટ્રની અને સમાજની સેવા કરીશું. એક વિચાર, એક રુચિ અને સુહૃદ-ભાવની વિશ્વભરમાં અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કરીશું, પ્રગટ ગુરુહરિ, સંસ્કૃતિ તથા બી.એ.પી.એસ. સંસ્થા પ્રતિ અંતિમ શ્વાસ સુધી વફાદાર રહીશું.'

પ્રતિજ્ઞા બાદ તુરંત જ ફરી યુવા ષષ્ટિપૂર્તિ મહોત્સવનો અને અક્ષર-પુરુષોત્તમનો જયનાદ ગુંજવા લાગ્યો. બી.એ.પી.એસ.ના ધ્વજ સર્વત્ર લહેરાવા લાગ્યા. મશાલ જ્યોતિ ઝળહળવા લાગી હતી.

પ્રતિજ્ઞા અને જ્યોત-દર્શન બાદ સુરત, વડોદરા અને રાજકોટની યુવાપ્રવૃત્તિ સ્મરણિકાનું ઉદ્‌ઘાટન જે તે શહેરના સંત નિર્દેશકોએ વરિષ્ઠ સંતો પાસે કરાવ્યું. આ દરમ્યાન સ્ટેડિયમમાં ૬૦,૦૦૦ યુવક-યુવતીઓના હાથમાં આરતીના દીપ ઝળહળી ઊઠ્યા હતા. શંખનાદ સાથે વિરાટ સમૂહ આરતી શરૂ થઈ. તે સમયે જાણે સમગ્ર નભમંડળ ધરતી પર ઊતરી આવ્યું હોય તેવું દિવ્ય દૃશ્ય સર્જાઈ ગયું હતું. કિશોરો દીપક સાથે સાંસ્કૃતિક પરિવેશમાં નૃત્ય મંચ પર આરતી ઉતારી રહ્યા હતા અને સદ્‌ગુરુ સંતો મુખ્ય મંચ પર આરતી ઉતારી રહ્યા હતા. આરતી બાદ સર્વત્ર જયનાદો ગુંજી ઊઠ્યા ખરેખર આ ચિરસ્મરણીય અવસર હતો. અંતમાં અક્ષરવત્સલદાસ સ્વામીએ આ મહોત્સવમાં સેવા કરનાર સૌની આભારવિધિ કરી.

આજના કાર્યક્રમની ચરમસીમારૂપે *'અમે સૌ સ્વામીના બાળક...'*ની પંક્તિઓ ગુંજવા લાગી. જોમ સાથે યુવાનો સમર્પણનૃત્ય કરી રહ્યા હતા ત્યારે ભવિષ્યમાં

આવનારા યુવાપ્રવૃત્તિ શતાબ્દી મહોત્સવના જયજયકાર ગુંજી રહ્યા હતા. જાણે એક પળમાં વીતી ગઈ હોય તેવી સતત સાડા ચાર કલાકની આ અભૂતપૂર્વ મહોત્સવ-સભાની અવિસ્મરણીય સ્મૃતિઓને હૈયે સંગ્રહીને સૌ સ્ટેડિયમમાં પોતાના સ્થાનેથી ઊભા થઈ રહ્યા હતા ત્યારે એક જ રટણા રોમરોમમાં ગુંજી રહી હતી : *'હમ યુવા નવ યુવા, હમ હૈં બી.એ.પી.એસ. કી સંતાન, હમ હૈં સ્વામી કી સંતાન...'* ◆

# (2)

# નિત્યપૂજા : પરમાત્મા સાથે મુલાકાત

*નિત્યપૂજા સ્વામિનારાયણીય સત્સંગીનું આગવું ભૂષણ છે.*

*રોજ સવારે લાખો ભક્તો પૂજા દ્વારા પરમાત્માની સાક્ષાત્ મુલાકાતનો આનંદ માણે છે.*

*દિવસની શરૂઆત ભગવાનના સંબંધથી કરે છે અને દિવસભર ભગવાનનો સંબંધ માણે છે.*

*આધુનિક ભૌતિકયુગમાં પૂજાના એ આગવા વારસાને સમજવાની આવશ્યકતા છે.*

પરમાત્માની, આપણા ઈષ્ટદેવની નિયમિતપણે પ્રતિદિન થતી પૂજા એટલે જ નિત્યપૂજા. પૂજા એટલે પ્રભુનું સામીપ્ય.

પૂજા એટલે શ્રદ્ધા, સન્માન અને વિનયનો ભાવ પ્રગટ કરનારું કાર્ય, સમર્પણનો ભાવ પ્રગટ કરતું કાર્ય, આભાર વ્યક્ત કરતી વર્તણૂક.

હા, આપણે બધા જ, ગરીબ કે તવંગર, ભણેલ કે અભણ, નાસ્તિક કે આસ્તિક સૌ કોઈ પૂજા કરીએ જ છીએ. કોઈ જીવંત વ્યક્તિની, કોઈ વૃક્ષની, કોઈ પશુની તો વળી કોઈ નિર્જીવ પદાર્થની પૂજા કરે જ છે.

આપણને ડૂબતા બચાવનાર વ્યક્તિને આપણે પ્રસંગોપાત્ત ભાવનાવશ થઈ આદર આપીએ છીએ, કહેતાં પૂજીએ છીએ. પણ પછી સહજપણે એ ઉપકારને ભૂલી જઈએ છીએ. ઉપકારને યાદ રાખવો જોઈએ અને અપકારને ભૂલવો જોઈએ. ઉપકારને યાદ રાખવાથી, 'મારા જીવનમાં અન્યની સહાય છે' એ વિચારથી માનવી નમ્ર બને છે. વળી, એ ઉપકાર સમા સદ્‌ગુણ પ્રતિ પણ માનવી પ્રેરાય છે. એથી અન્યને મદદરૂપ થવા પ્રેરાય છે. ઉપકારી વ્યક્તિના અન્ય સદ્‌ગુણોની પણ પ્રેરણા પામે છે. પરમાત્માના તો આપણા પર અગણિત ઉપકારો છે. સાચો આદર્શ બતાવનાર અને એ માર્ગે ચાલવાનું બળ પૂરું પાડનાર ગુરુના પણ ઉપકારો ઘણા છે. પરંતુ રેતાળ રણસમા માનવમન પર અંકાયેલા એ ઉપકારોને સમયના સપાટા ભૂંસી નાખે છે. આ ઉપકારો ભૂલવાથી ખોટ તો માનવીને જ છે. જીવનમાં ઉદ્‌ભવતી સદ્‌ગુણોની સરવાણી આને કારણે બંધ થઈ જાય છે. આ ઉપકારો ભૂલી ન જવાય અને કૃતઘ્નતાના ભાર તળે આપણે કચડાઈ ન જઈએ એ માટે પરમાત્માના, ગુરુના ઉપકારોને વારંવાર યાદ રાખવા પડે છે. આવા સમયે આપણી મદદે આવે છે, ઈષ્ટદેવની, ગુરુની નિત્યપૂજા. પરમાત્માની, આપણા ઈષ્ટદેવની, આપણા ગુરુની ચિત્ર-પ્રતિમા કે મૂર્તિની પ્રતિદિન નિયમિતપણે થતી પૂજા એટલે જ નિત્યપૂજા. એમના ઉપકારોને સતત યાદ કરવા માટે જ આવશ્યક છે નિત્યપૂજા. નિત્યપૂજાવિધિમાં ભગવાનની સેવા કર્યાનો, ભગવાન ભેટ્યાનો આનંદ છે. ભગવાનનો નિત્યનો મેળાપ એટલે જ નિત્યપૂજા. ભગવાનનું સામીપ્ય અનુભવવું ને સામીપ્યને આદરથી વધાવવું એ જ નિત્યપૂજા.

ઉપકારના ભાવથી પૂજાની ક્રિયા એટલે કે પૂજાવિધિ પ્રગટી. આ ક્રિયાથી, નિત્ય-પૂજાવિધિથી ભાવ જાગ્રત રહેશે, વૃદ્ધિ પામતો રહેશે. હા, ક્યારેક એવું બને કે ક્રિયામાં ભાવશૂન્યતા આવી જાય અને કેવળ યાંત્રિકતા જ રહે, પરંતુ કોડિયું, વાટ અને દિવેલ હશે તો ક્યારેક જ્યોત પ્રગટશે તેમ પૂજાવિધિ હશે તો ક્યારેક ભાવનાની જ્યોત પ્રગટશે, પણ કોડિયું તોડી નાખીએ અને કહીએ 'ના, મારે તો જ્યોતથી જ કામ છે.' તો જ્યોત કદીયે પ્રગટશે ખરી ?

### ■ નિત્યપૂજા પ્રાતઃકાળે જ શા માટે ?

પ્રાતઃકાળે આપણી આંખો ખૂલતાં જ જીવનમાં એક નવો દિવસ સામે આવે છે. જીવનનું એક નવું કોરું પાનું ખૂલે છે. એનો આરંભ શુભ હોય, માંગલિક હોય, સુખમય હોય એવું જ આપણે સૌ ઇચ્છીએ.

સવારે રાવણને યાદ કરીએ તો આપણને પણ કો'કનું પડાવી લેવાના વિચારો આવશે. ઈર્ષ્યા, રાગ-દ્વેષ, અભિમાનમાં આપણે જ અથડાઈશું, પરંતુ ભગવાન અને સંતને યાદ કરીએ તો ? અંતરમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ જાગશે. દયા, કરુણા, પ્રેમ, ક્ષમા, ઉદારતા વગેરે શુભ ગુણોથી હૈયું તરબતર થઈ જશે, અંતરમાં શાંતિ ઊભરાશે.

વળી, શાસ્ત્રોમાં પણ બ્રાહ્મમુહૂર્તનો ઘણો મહિમા કહ્યો છે. એ સમયે આળસ છોડી પ્રભુસ્મરણ કરવા ચેતવણી આપતાં મનુસ્મૃતિમાં(૮-૧૨) કહેવાયું છે :

*બ્રાહ્મે મુહૂર્તે યા નિદ્રા સા પુણ્યક્ષયકારિણી ॥*

બ્રાહ્મમુહૂર્તની નિદ્રા આપણાં પુણ્યનો નાશ કરનારી છે.

સવારથી જ આળસ ધરાવતો માનવી પ્રગતિ શું કરવાનો ?

બ્રાહ્મમુહૂર્તમાં ભગવાનની પૂજા જેવો દિવસનો મંગળ પ્રારંભ બીજો કયો હોઈ શકે ? સવારે મન અન્ય કાર્યોમાંથી નિવૃત્ત થયેલું, સંકલ્પ-વિકલ્પ રહિત હોય. આથી, પરમેશ્વરની પૂજાવિધિમાં સહેજે એકાગ્ર થવાય. મંત્રજાપ પણ સારી રીતે થઈ શકે. શાંત મનમાં પરમાત્માનો વિચાર સ્થિર થતાં મન વધુ પવિત્ર અને શાંત બને છે. જીવનનું ધ્યેય વધુ સ્પષ્ટ બને છે, પરમેશ્વર અને સંતમાંથી મળતી પ્રેરણાઓ પણ વધુ સ્પષ્ટ થાય છે, જેથી દૈનિક ક્રિયાઓમાં પણ એનું સહેજે અનુસંધાન રહે છે. પરમાત્માના વિચાર સાથે થતી અન્ય સર્વ દૈનિક ક્રિયાઓ પણ ભક્તિમય બની રહે છે. કહો ને કે દિવસ ભક્તિમય, સુખમય પસાર થાય છે. એટલે જ પ્રાતઃકાળે પૂજા કરવી આવશ્યક છે.

વળી, પ્રાતઃપૂજાના પરિણામે, ભગવાન અને સંતના દિવ્ય ગુણોથી આચ્છાદિત શાંત મન કૌટુંબિક, વ્યાવહારિક, સામાજિક વિટંબણાઓમાં પણ યોગ્ય નિર્ણયો લઈ શકે છે.

ટૂંકમાં, ભગવાનને ભેટવા માટે છે પ્રાતઃપૂજા.

મનની શાંતિ માટે છે પ્રાતઃપૂજા.

### ■ નિત્યપૂજા વ્યક્તિગત શા માટે ?

ઘણી વાર બાળકો અથવા વડીલો કહેતા હોય છે કે અમારે મમ્મી કે ઘરેથી ધર્મપત્ની ભગવાનને દીવો-પૂજા કરી લે એટલે અમે ન કરીએ તોપણ ચાલે.

ભૂખ આપણને લાગી છે. આપણા બદલે બીજો જમી લે તો ચાલે ? તરસ આપણને લાગી છે, આપણા બદલે બીજો પાણી પીએ તો ચાલે ? ઊંઘ આપણને આવે છે, આપણા બદલે બીજો ઊંઘી લે તો ચાલે ? વિદ્યા આપણે ભણવી છે, આપણા બદલે બીજો ભણી લે તો ચાલે ?

આપણી આ ક્રિયાઓ વ્યક્તિગત જ છે ને ! તો પૂજાવિધિ પણ વ્યક્તિગત શા માટે નહીં ? આપણે જાતે પરમાત્માની પૂજા કરીએ તો જ આપણી સેવા થાય અને તો જ આપણને એ પૂજાના લાભ થાય. વ્યક્તિગત, પોતાની પૂજાથી જ વ્યક્તિને સારી પ્રેરણા મળે, બળ મળે, અંતરના દોષો દૂર થાય. વ્યક્તિગત ઘડતર માટે જ વ્યક્તિગત પૂજા. વ્યક્તિગત પૂજા ભગવાનની અંગત મુલાકાત છે.

### ■ નિત્યપૂજામાં કોની કોની મૂર્તિઓ રાખી શકાય ?

આ અનંત વિશ્વના સર્જક, પોષક, ધારક અને રક્ષક પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એક જ છે. એમની જ પ્રેરણાથી આ પૃથ્વી પર અનેક અવતારો થયા છે. આથી, આપણા માટે આપણા ઈષ્ટદેવના સ્વરૂપમાં જ અન્ય સર્વ અવતારો અને દેવોનાં સ્વરૂપ આવી જાય, જેમ હાથીના પગલામાં બધાં જ પ્રાણીઓનાં પગલાં આવી જાય. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં, આદર્શ ભક્તે સહિત બિરાજમાન ભગવાનની ઉપાસનાનો સિદ્ધાંત શ્રીહરિએ જ આપ્યો છે. તે અનુસાર સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના આદર્શ ભક્ત અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી - એટલે કે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ તથા ગુરુપરંપરાની મૂર્તિઓ જ આપણી નિત્યપૂજામાં રાખી શકાય. પૂજાની મૂર્તિઓ હંમેશાં સ્પષ્ટ હોવી જોઈએ અને આખી બેઠેલી મૂર્તિઓ હોવી જોઈએ. દિવાળી કાર્ડ કે અન્ય અર્ધપ્રતિમા પૂજામાં ન રાખવી. ખંડિત થયેલી, ફાટી ગયેલી મૂર્તિઓ બદલી લેવી. ગુરુપરંપરાની પણ એકથી વધુ પડતી મૂર્તિઓ પૂજામાં ન રાખવી.

હવે, નિત્યપૂજાના એક પછી એક પગથિયાને સમજીએ.

### ■ પૂજામાં પૂર્વ કે ઉત્તરાભિમુખ જ શા માટે બેસવું ?

સૂર્ય પૂર્વમાં ઊગે છે. એના ઊગતાંની સાથે જ જગતમાં જીવપ્રાણી-માત્રમાં ચેતનાનો સંચાર થાય છે. ઊગવું કોને ન ગમે ? વળી, ઉત્તર દિશા સ્થિરતાની સૂચક છે. ઉત્તર દિશા મુક્તિપથની દિશા છે. જીવનમાં મુક્ત થવું, સ્થિર થવું, વ્યક્તિની પ્રજ્ઞા સ્થિર થવી એ પણ એક ઉચ્ચ આદર્શ છે.

પૂર્વ દિશામાં મુખ રાખી જીવનમાં સૂર્યમાંથી ઊગવાની પ્રેરણા મેળવવી, આગળ વધવાની પ્રેરણા મેળવવી, તેમજ ઉત્તર દિશામાં મુખ રાખી સ્થિરત્વ પ્રાપ્ત કરવું, એ જ શુભ ભાવનાથી પૂજા કરતી વખતે પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ બેસી પૂજા કરીએ છીએ.

### ■ તિલક-ચાંદલો શું છે ?

તિલક કહો કે ચાંદલો કહો, પૂર્વકાળમાં તો એ એક સૌંદર્યપ્રતીક પ્રસાધન હતું. માનવી જાતજાતની રંગબેરંગી માટીના રંગોથી ટીલાં ટપકાં કરતો, મુખ્યત્વે કપાળ પર, જે સુંદરતામાં અભિવૃદ્ધિ કરતું. આથી જ, કોઈપણ વ્યક્તિ પ્રત્યે આદર દર્શાવવા-પૂજન કરવા તેના કપાળમાં તિલક અથવા ચાંદલો કરવામાં આવતો. રાજા ગાદી પર બેસે ત્યારે તેની પૂજા કરી તેને પણ ચાંદલો કરવામાં આવતો, જેને પાછળથી રાજતિલક કહેવામાં આવતું.

વર્તમાન આધુનિક યુગમાં પણ વ્યક્તિ પોતાને કંઈક વિશેષ સાંપડ્યું છે, વિશેષ પ્રાપ્તિ થઈ છે અને એ પોતાનું સદ્‌ભાગ્ય છે, એ દર્શાવવા જુદાં જુદાં પ્રતીકોનો સહારો લે છે. કોઈ જે તે સંસ્થાનો બિલ્લો વ્યક્તિ હોંશે હોંશે શર્ટ પર કે કોટ પર પહેરે છે. રાજકીય ક્ષેત્રે પોતાની આગવી પ્રતિભા વ્યક્ત કરવા કોઈક ખાદી પહેરશે, તો કોઈ ટોપી ધારણ કરશે. પરદેશમાં છોકરાઓ પોતાની મનપસંદ રમતટુકડી(ટીમ)ના નામથી અંકિત અથવા તે ટુકડીના ચિહ્નથી અંકિત શર્ટ-ટીશર્ટ-કેપ-બેલ્ટ-જોડાં વગેરે રાજીખુશીથી પહેરે છે.

સમાજમાં સ્ત્રીને યોગ્ય પતિ મળે એ એનું સારું ભાગ્ય-સૌભાગ્ય ગણાયું છે. સારો પતિ મળ્યાના હર્ષમાં સ્ત્રી પોતાના કપાળમાં ચાંદલો કરતી.

ભક્તિ સંપ્રદાયોમાં ભક્ત માટે ભગવાન પણ તેના સ્વામી છે. સ્વામીની પ્રાપ્તિના હર્ષમાં ભક્ત પણ પોતાના કપાળમાં ચાંદલો ધારણ કરે છે. ભક્ત દાસત્વભાવે પ્રભુની સેવા કરે છે.

ભગવાનની પ્રાપ્તિનું સૌભાગ્યચિહ્ન એટલે જ તિલક-ચાંદલો. મસ્તક એ વ્યક્તિનું આત્મગૌરવ છે. વિચારોમાં, બુદ્ધિમાં જ તો વ્યક્તિનં વ્યક્તિત્વ

સમાયેલું છે. અન્ય પ્રતિ આદર વ્યક્ત કરવા માનવી તેને પોતાનું મસ્તક નમાવે છે. મહાન વ્યક્તિનાં ચરણોમાં મસ્તક મૂકે છે. ભક્ત પોતાનું મસ્તક પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરી દે છે. આથી, પ્રેમની સમર્પણ-ભાવનાવશ ભક્ત પ્રભુનાં ચરણોની છાપ પોતાના કપાળમાં (બુદ્ધિમાં ભગવાનનો વાસ થાય તો શુભ વિચારો થાય એ ભાવનાથી), બળસૂચક બાહુઓ પર (ભુજામાં ભગવાન વસે તો સત્કાર્યો થાય એ ભાવનાથી) તથા પ્રાણના આધાર સમા હૃદય પર (હૃદયમાં ભગવાન વિરાજે તો શુભ ભાવનાઓ ધબકે એ હેતુથી) અંકિત કરે છે.

આમ, વિચાર, ભાવના અને કર્મના શુભ હેતુ માટે ચાર સ્થાને તિલક-ચાંદલો કરવામાં આવે છે.

ભગવાનની પ્રાપ્તિનું સૌભાગ્યચિહ્ન એટલે તિલક-ચાંદલો. ભગવાનને સમર્પિત થયાનું ચિહ્ન એટલે તિલક-ચાંદલો.

તિલક-ચાંદલો દાસત્વ વ્યક્ત કરે છે. આથી, અંતરમાં 'હું ભગવાનનો દાસ છું' એનું સતત અનુસંધાન રહે. જીવનમાં નમ્રતા આવે. નમે તે પ્રભુને ગમે. પ્રભુને ગમે તે સૌને ગમે.

વળી, ભગવાનની નાની મોટી આજ્ઞાઓ પાળવાનું પણ સતત જાણપણું રહે. કદાચ આપણે ભૂલ કરી બેસીએ તો ભગવાન અન્ય વ્યક્તિઓમાં રહીને પણ આપણને સન્માર્ગે વાળે. આથી, જીવનમાં ખોટું કામ કરતાં આપણે સહેજે અટકીએ છીએ, નૈતિક બળ વધે છે. દુર્જનો આપણને ભક્ત જાણીને જાતે જ દૂર રહે છે. આથી, ખોટી સોબતથી સહજપણે બચી શકાય છે. લોક-લાજ તૂટે છે. ભગવાનના ભક્તપણાની અસ્મિતા જાગ્રત થાય છે. હિંમત પ્રગટ થાય છે. આથી, ભક્ત મનનો ગુલામ નથી બનતો પણ મનનો સ્વામી બને છે. પરિણામે, આંતરિક દોષો પર પણ વિજય પ્રાપ્ત થાય છે. આત્મબળ પ્રગટે છે અને ભગવાનના આશરાનું બળ પણ પ્રગટ થાય છે.

લોકમાં પણ આ જ હેતુથી વિશેષ જવાબદારી બજાવતી વ્યક્તિઓને અમુક જ પહેરવેશ પહેરવાની ફરજ પાડવામાં આવે છે. દા.ત. પોલીસ, નર્સ, જજ વગેરે. પોલીસને ખાખી કપડાંથી શક્તિ વધતી નથી, નર્સને સફેદ વસ્ત્રોથી સેવાની ભાવના વધી જતી નથી, જજને કાળા કોટથી ન્યાયબુદ્ધિ વધતી નથી, પણ એમને પોતાની જવાબદારીનું ભાન રહે તે માટે બાહ્યોપચાર લાભદાયક છે. આ જ રીતે તિલક-ચાંદલો પણ દાસત્વભાવનું, ભક્તપણાનું સતત જાણપણું આપતું લાભદાયક ચિહ્ન છે.

### ■ માનસી પૂજા એટલે શું ?

તિલક-ચાંદલો કરીને નિત્યપૂજાનો આરંભ થાય છે, જેનું પ્રથમ સોપાન છે - માનસી પૂજા.

ભગવાન પ્રત્યક્ષ સ્વરૂપે વિરાજતા હોય ત્યારે વિવિધ ઉપચારોથી ભગવાનની સેવા કરીએ. ભગવાન પ્રત્યક્ષ ન હોય ત્યારે અર્ચાસ્વરૂપની પણ પ્રત્યક્ષ ઉપચારો વડે સેવા શક્ય બને, પરંતુ ક્યારેક અર્ચાસ્વરૂપ પણ ન હોય, તો ક્યારેક ઉપચાર દ્રવ્યો (વસ્તુઓ) આપણી પાસે ન હોય તો ? એ સમયે ભગવાનની મનોમયી મૂર્તિની મનઃકલ્પિત પદાર્થો વડે પૂજા કરવી, સેવા કરવી તે જ માનસી પૂજા. બીજા શબ્દોમાં મન દ્વારા થતી પૂજા એટલે માનસી પૂજા.

જો કોઈ શુદ્ધ ભાવે, ભગવાન પ્રત્યેના પ્રેમથી, અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્ગદકંઠ થઈને ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા કોઈ એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે. (વચ. સારંગપુર ૩)

પ્રત્યક્ષ પૂજાની જેમ જ સમય-સમયની માનસી પૂજા થઈ શકે છે. ભગવાનને મધુર સ્વરે જગાડવા, કોમળ દાતણ વડે દંતધાવન કરાવવું, મુખ-પ્રક્ષાલન કરાવવું, સ્નાન કરાવવું વગેરે સેવા મનથી પણ થઈ શકે છે. ઋતુ અનુસાર વસ્ત્રો, પુષ્પહાર વગેરે ધારણ કરાવી શકાય. વચનામૃત ગ.અં. ૨૩માં શ્રીજીમહારાજે માનસી પૂજા કેવી રીતે કરી શકાય તેનું સુંદર માર્ગદર્શન આપ્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાંચ સમયની માનસી પૂજાનું વિધાન છે :

(૧) પ્રાતઃ માનસી - ભગવાનને જગાડવા; સ્નાનાદિક વિધિ કરાવવી. (૨) શણગાર માનસી - ભગવાનને વિવિધ શણગારો ધરાવવા. (૩) રાજભોગ માનસી - ભગવાનને વિવિધ વાનગીઓનો થાળ ધરાવવો અને વામકુક્ષી અર્થે આરામ કરાવવો. (૪) ઉત્થાન માનસી - બપોરના આરામમાંથી ઠાકોરજીને જગાડી મુખ-પ્રક્ષાલન વગેરે કરાવી, જલ તથા ફળફળાદિ ધરાવવાં. (૫) શયન માનસી - રાત્રી-ભોજન કરાવી ઠાકોરજીનાં વસ્ત્રો બદલાવી પોઢાડવા.

માનસી પૂજાનો વિશેષ લાભ એ છે કે આપણા બધા જ ભક્તિભાવ તેમાં પૂરા કરી શકીએ છીએ. આપણને ગમતા પદાર્થો ભગવાનની સેવામાં વાપરીએ. આપણને ભાવતાં ભોજનો ભગવાનને જમાડીએ. આપણી ઇચ્છાનુસાર શણગાર ધરાવીએ. આ પ્રકારે સેવા કરતાં, માનસી પૂજાથી આપણને બીજા ઘણા લાભ થાય છે. જેવા કે,

- આપણી આસક્તિ સેવામાં રૂપાંતરિત થાય છે.
- તવંગર કે ગરીબ પણ વિવિધ ભોગ ધરાવી શકે છે.
- ભગવાન પોતાના બની રહે છે તથા પોતા જેવા થવાથી સહેજે એમનું ધ્યાન થઈ શકે છે.
- મનની સ્થિરતા તથા એકાગ્રતા વધે છે. ચિત્તમાં શાંતિનો અનુભવ થાય છે.
- વચનામૃત ગ. અં. ૨૩ પ્રમાણે ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિમાં હેતની વૃદ્ધિ થાય છે.
- વચનામૃત સારંગપુર-૩ પ્રમાણે મૂર્તિનો સાક્ષાત્કાર કરવા મનન-નિદિધ્યાસન જરૂરી છે, તે માનસી પૂજા દ્વારા શક્ય બને છે.

### ■ મંત્ર એટલે શું ? મંત્રજાપ શા માટે ?

નિત્યપૂજાનું મુખ્ય અંગ છે, સ્વામિનારાયણ મંત્રનો જાપ.

મંત્રની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકારો કહે છે : *'મનનાત્ ત્રાયતે ઈતિ મંત્રઃ'* એટલે કે મનન કરવાથી જે આપણો ઉદ્ધાર કરે છે તે મંત્ર. જીવનનું ધ્યેય સ્પષ્ટ કરે તે મંત્ર.

પરમાત્માના મહિમાને અભિવ્યક્ત કરતો શબ્દ અથવા વાકય એટલે મંત્ર.

ભગવાનના મહિમાના વિચારથી અંતરમાં પ્રભુપ્રેમ પ્રગટ થાય છે. મહિમાનું - મંત્રનું પુનરુચ્ચારણ એ જ જાપ. વારંવાર એનું સ્મરણ કરવાથી મહિમા દૃઢ થાય છે અને અંતરમાં ભગવાન પ્રગટ થાય છે. આથી જ, મંત્ર પણ ભગવાનનું સ્વરૂપ કહેવાય છે.

**■ 'સ્વામિનારાયણ' મંત્ર કેવી રીતે ગણાય છે ?**

'સ્વામિનારાયણ' શબ્દ ભગવાનનું નામ છે, અને એ પવિત્ર નામમાં એક સિદ્ધાંત પણ સમાયેલો છે. ભગવાન સ્વામિનારાયણે જ આ નામમંત્ર આપીને તેમાં એ સિદ્ધાંત સમાવ્યો છે.

'સ્વામિનારાયણ' મંત્રમાં બે શબ્દો છે - સ્વામી અને નારાયણ. 'સ્વામી' એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને 'નારાયણ' એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદસ્વામી મહારાજ. 'સ્વામિનારાયણ' મંત્રમાં સ્વામીરૂપ કહેતાં અક્ષર બ્રહ્મરૂપ થઈને નારાયણને પુરુષોત્તમને પામવા છે, એ ઉપાસનાનો સિદ્ધાંત સ્પષ્ટ થાય છે.

આ જ છે આ મંત્રનો અર્થ. આથી જ સ્વામી સહિત નારાયણ એટલે કે 'સ્વામિનારાયણ' એ મંત્ર બને છે.

**■ મંત્ર કેવી રીતે જપવો જોઈએ ?**

મનની સ્થિરતા, એકાગ્રતા, મંત્રજાપમાં મહત્ત્વનું અંગ છે. મનના અન્ય સર્વે સંકલ્પોને વિરામ આપી, કેવળ ભગવાનની પ્રસન્નતા માટે, પોતાના કલ્યાણ માટે જ મંત્રજાપ કરવો જોઈએ.

દુન્યવી કાર્યોમાં આસક્ત થયેલું મન કે પછી અન્ય રાગદ્વેષથી ઉત્તેજિત થયેલું મન ભગવાનમાં સ્થિર થઈ શકતું નથી. આથી, મંત્રમાં મન લાગતું નથી - મંત્રજાપ થતો નથી. આ માટે શાંત એકાંત સ્થળે, પવિત્ર આસન પર બેસીને, હૃદયાકાશમાં અથવા તો નજર સમક્ષ ભગવાનની મૂર્તિનાં દર્શન કરતાં, ચારેબાજુ ફેલાયેલી વૃત્તિને સમેટી મન અને જીભ બંને દ્વારા મંત્રનું ઉચ્ચારણ (બીજાને ન સંભળાય તે રીતે) કરવું. આને મનુસ્મૃતિમાં ઉપાંશુ જાપ કહ્યો છે.

પરમાત્માના મહિમાના મંત્રના જાપથી ઈષ્ટદેવતાની પ્રસન્નતા થાય છે. એમનો સાક્ષાત્કાર થાય છે. શ્રદ્ધાપૂર્વક પ્રાર્થનાના રૂપમાં કરવામાં આવતા મંત્રજાપને કારણે ભગવાન પ્રસન્ન થઈને ભક્તના શુભ સંકલ્પો પણ પૂર્ણ કરે છે. (બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને ગોંડલ મંદિરની સેવા કરતાં સર્પદંશ થયો, ત્યારે 'સ્વામિનારાયણ' મંત્રની ધૂનના પ્રતાપે સાપનું ઝેર ઊતર્યું હતું, તે પ્રસંગ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.)

આ સાથે અન્ય ફાયદાઓ પણ પામી શકાય છે. મનની વૃત્તિઓ વિરામ પામે છે, આથી, સમગ્ર ચેતાતંત્ર શાંત થતાં શરીરનાં અંગ-ઉપાંગોને પણ વિરામ મળે છે. લોહીનું પરિભ્રમણ યથાયોગ્ય થાય છે, તો અંતઃસ્રાવી ગ્રંથિઓ પણ યોગ્યક્રમે કાર્યરત બની જાય છે, જે ઘણું જ લાભદાયી છે.

આ ઉપરાંત માણસ લોકજીવનમાં પણ સ્થિર બને છે. સ્થિરબુદ્ધિથી લેવાતા નિર્ણયોથી માનવીના જીવનમાં, વ્યવહારમાં પ્રગતિ સધાય છે અને કૌટુંબિક સંબંધોમાં સુખ-શાંતિ સ્થપાય છે. નહીંતર વ્યગ્ર ચિત્તને કારણે લેવાતા અયોગ્ય નિર્ણયોને લીધે જ તો જીવનમાં પ્રશ્નોની પરંપરા સર્જાતી હોય છે. આમ, ઐહિક અને પારલૌકિક બંને લાભ મંત્રજાપથી મળે છે.

**■ માળા એટલે શું ?**

વ્યાવહારિક કાર્યોમાં વ્યસ્ત રહેનાર માનવ ગળાડૂબ પ્રવૃત્તિને લીધે અથવા તો આળસને લીધે દિવસમાં એક વાર પણ પરમાત્માનું સ્મરણ કરી શકતો નથી હોતો. આવા મનુષ્યને સંતો દિવસમાં એક વાર પણ નામસ્મરણ કરવા પ્રેરે છે. અને પછી આગળ વધતાં પાંચ વખત... અગિયાર વખત નામ લેવા તૈયાર કરીને ભગવાનના માર્ગે આગળ વધારવા પ્રયત્ન કરે છે. પોતે ગ્રહણ કરેલ નિયમાનુસાર મંત્રજાપ થયો છે તેવો વિશ્વાસ અને સંતોષ પ્રાપ્ત થાય તેમજ મંત્રજાપનું પ્રમાણ પણ જળવાઈ રહે એવા હેતુથી જપગણના માટેના માધ્યમની આવશ્યકતા ઊભી થઈ. પરિણામે, જપની ગણતરીની સરળતા માટે માળા અસ્તિત્વમાં આવી.

આમ, મંત્ર-જાપમાં જપની ગણતરીની સાનુકૂળતા માટેનું સાધન તે માળા.

માળામાં ૧૦૮ મણકા શા માટે રાખવામાં આવે છે ?

પ્રત્યેક પળમાં મનુષ્યના સ્વાભાવિક શ્વાસની સંખ્યા ૬ છે. આવી ૨॥ પળની એક મિનિટ થાય. આથી, એક મિનિટમાં ૧૫ શ્વાસો લેવાય છે. આ હિસાબ અનુસાર ૨૪ કલાકમાં આપણા ૨૧,૬૦૦ શ્વાસો શાસ્ત્રમાં ગણાવાયા છે.

ષટ્ શતાનિ દિવારાત્રૌ સહસ્રાણ્યેકવિંશતિઃ ॥

એતત્સંખ્યાત્મકં મન્ત્રં જીવો જપતિ સર્વદા ॥

(ચૂડામણિ ઉપનિષદ : ૩૨/૩૩)

આમ, રાત્રીના ૧૨ કલાક બાદ કરતાં દિવસના ૧૨ કલાકમાં આપણે ૧૦,૮૦૦ શ્વાસો લઈએ છીએ. ભક્તની તો સ્વાભાવિકપણે શ્વાસે-શ્વાસે ભગવાનનું નામ લેવાની ઇચ્છા રહે, પરંતુ આટલી વિશાળ સંખ્યામાં જપનો અવકાશ ન રહે તે માટે, જો વિધિવત્ 'ઉપાંશુ જપ' **(અનુસંધાન પૃ. ૩૭ પર)** **(અનુસંધાન પૃ. ૧૩ પરથી)** કરવામાં આવે, તો પ્રત્યેક મંત્રનું ૧૦૦ ગણું ફળ થાય – એ શાસ્ત્રોકત વિધાન અનુસાર દિવસમાં ૧૦૮ મંત્રોનો જપ થવો જોઈએ તેવું સ્વીકારાયું.

મનુસ્મૃતિમાં કહ્યું છે : ઉપાંશુ સ્યાત્ શતગુણઃ । (૨/૮૬)

આમ, ૧૦૮ મણકાની એક માળા ફેરવવાથી શ્વાસેશ્વાસે ભજન કર્યું ગણાય – એ ભાવનાથી માળાના મણકાની સંખ્યા ૧૦૮ રાખવામાં આવી.

આ રીતે એક માળા ફેરવવી એ શ્વાસોચ્છ્વાસે ભજન કરવાનું પહેલું પગથિયું છે. બીજો એક મત એવો પણ છે કે માનવજીવન પર સૂર્યની અસર ઘણી નોંધનીય છે. સૂર્ય-ચંદ્રને આધારે પૃથ્વી પર ઋતુચક્ર ચાલે છે. સૂર્યના માર્ગને પ્રાચીન ઋષિ-વૈજ્ઞાનિકે ૨૭ વિભાગોમાં વહેંચીને પ્રત્યેક વિભાગમાં

રહેલા તારાઓના સમૂહને 'નક્ષત્ર' સંજ્ઞા આપી છે. આ નક્ષત્રમાળાના આધારે આપણી જપમાળાની કલ્પના કરવામાં આવી છે. પ્રત્યેક નક્ષત્રને ચાર ચરણ હોય છે. આથી, ૨૭ નક્ષત્રોનાં મળીને કુલ ૧૦૮ ચરણ થાય છે. તેથી માળાના મણકાની સંખ્યા પણ ૧૦૮ રખાઈ.

બ્રહ્માંડની નક્ષત્રમાળા જેને કેન્દ્રમાં રાખી ફરે છે તે સ્થાનને 'સુમેરુ પર્વત'ના નામથી શાસ્ત્રોમાં વર્ણવામાં આવ્યું છે. આ જ પ્રમાણે જપમાળાના બંને છેડા જ્યાં મળે છે તેને કેન્દ્ર સમું મહત્ત્વનું સ્થાન ગણતાં, તે સ્થાને આવતા સર્વોચ્ચ મણકાને પણ 'સુમેરુ' કહેવામાં આવે છે.

### ■ માળા કેવી રીતે ફેરવવી જોઈએ ?

જમણા હાથની મધ્ય આંગળી પર, પહેલી આંગળીનો સ્પર્શ ન થાય તે રીતે માળાને રાખીને અંગૂઠા વડે માળા ફેરવવી. પહેલી આંગળીને તર્જની કહેવાય છે. તર્જન કરવું અર્થાત્ નિંદા કરવી, તિરસ્કાર કરવો, ધિક્કારવું વગેરે. આવી ક્રિયા સમયે આ પહેલી આંગળીનો ઉપયોગ થતો હોય છે. મંત્રજાપમાં ઉપરોક્ત મલિન વિચારોના ત્યાગના નિર્દેશ અર્થે જ મંત્રજાપ દરમ્યાન માળાને પહેલી આંગળીનો સ્પર્શ થવો વર્જ્ય ગણાયો હશે.

પ્રત્યેક મણકે 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરવો. એક માળા પૂર્ણ થયે ૧૦૮ વાર 'સ્વામિનારાયણ' નામ લેવાય છે. માળા પૂર્ણ થયા પછી 'સુમેરુ' આવતાં, તેને ઓળંગ્યા વિના માળાને ઉલટાવીને ફેરવવી. મંત્રજાપમાં ઉપયુક્ત થતી માળા પવિત્ર છે. એને અયોગ્ય પદાર્થનો કે સ્થાનનો સ્પર્શ ન થઈ જાય એ હેતુથી જ માળાને ગૌમુખીમાં (માળા રાખવાની નાની ઝોળી) રાખી મંત્રજાપ કરવાનો રિવાજ છે.

### ■ સુમેરુને શા માટે ઉલ્લંઘાય નહીં ?

નક્ષત્રો સુમેરુને કેન્દ્રમાં રાખી ફરે છે. સુમેરુ સ્થિર છે. નક્ષત્રોની ગતિ પૂર્વથી પશ્ચિમ પ્રતિ છે; કારણ, પૃથ્વી તેની ઉત્તર-દક્ષિણીય ધરી પર પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે. આથી, કોઈપણ નક્ષત્ર દક્ષિણથી ઉત્તર તરફ ગતિ કરતું દેખાતું નથી. આથી, ઉત્તરધ્રુવના સ્થાને આવેલ સુમેરુ પર્વતને કોઈ ઓળંગી શકતું નથી, કોઈ ઓળંગતું નથી. સૌ કોઈ સુમેરુની મર્યાદા જાળવે છે. માળા નક્ષત્રમાળનું રૂપક છે. આથી તેમાં રહેલ સુમેરુનું પણ એવું જ માહાત્મ્ય સ્વીકારી, ભક્ત તે સુમેરુનો સ્પર્શ કરી, માળાની દિશા ફેરવી મંત્રજાપ પુનઃ શરૂ કરે છે. ઘરેલૂ માન્યતા પ્રમાણે સુમેરુ ભગવાનનું સ્વરૂપ છે તેથી તેનું ઉલ્લંઘન ન કરતાં ચરણસ્પર્શ કરી માળા ઉલટાવાય છે.

### ■ તપની માળા એ શું છે ? તેનો શો હેતુ છે ?

નિત્યપૂજામાં માળા જાપ પછીનું પગથિયું છે તપની માળા. તપ એટલે શરીર અને ઇંદ્રિયોનું દમન. કોઈ પણ ક્ષેત્રમાં કાર્યની સિદ્ધિ માટે તપ એ અગત્યનું પાસું છે. દેહનું લાલન-પાલન કરવામાં જ રચ્યો-પચ્યો રહેનારો સિદ્ધિના શિખરે પહોંચી ન શકે. અવકાશયાત્રીઓને કે હિમાલયનાં શિખરો સર કરવા નીકળનારાઓને પણ કેવી કેવી કષ્ટદાયક તાલીમોમાંથી પસાર થવું પડે છે ! અમુક પ્રકારનો જ ખોરાક લેવાય, પાણી પણ અમુક પ્રમાણમાં જ પીવાય, અમુક માઈલ દોડવાનું જ, વજન ઊંચકવાનું, કસરતો કરવાની, અમુક દિવસો ભૂખ્યા-તરસ્યા પણ રહેવાનું વગેરે. આમ, દરેક ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા ભોગનો સંયમ અથવા શરીરનું દમન જરૂરી ગણાયું છે. ભલે દુઃખોના ડુંગરો તૂટી પડે, પણ મારે આ સિદ્ધિ મેળવવી જ છે, એવી ભાવના સાથે મનને અને શરીરને ગમે તેવા વિકટ સંજોગો માટે તૈયાર કરવાનાં, એનું જ નામ તપ. આ આધુનિક પ્રકારનું તપ છે.

ભક્ત પણ 'ગમે તે સંજોગોમાં મારે પરમાત્માની પ્રાપ્તિ કરવી જ છે' એ વિચાર સાથે મનનો સંયમ તથા શરીરનું દમન કરે છે.

સામાન્યતઃ આપણે મંત્રજાપ કરતી વખતે પદ્માસનમાં કે સિદ્ધાસનમાં અથવા તો પલાંઠી વાળીને બેસીએ છીએ. મંત્રજાપ એટલે પ્રભુને પામવાના આપણા ધ્યેયને દૃઢાવવો.

આ ધ્યેયની ઉત્કટતા સાથે એક પગે ઊભા રહી, બે હાથ ઊંચા કરી મંત્રજાપ કરતા ધ્રુવજીને દર્શન આપવા વિષ્ણુ સાક્ષાત્ દોડી આવ્યા. ધ્રુવજીની આ અડગ મુદ્રામાં ફેરવવામાં આવતી માળાને 'તપની માળા' કહેવામાં આવે છે. જાણે ગમે તેટલું કષ્ટ પડે પણ મારે આ ધ્યેય સિદ્ધ કરવું જ છે, એવી માનસિક તેમજ શારીરિક તૈયારીથી ભક્ત કૃતનિશ્ચય બને છે. ભગવાન સ્વામિનારાયણે વનવિચરણ દરમ્યાન નીલકંઠવર્ણી વેશે પુલહાશ્રમમાં આવી જ શારીરિક મુદ્રામાં કઠિન તપ આદર્યું હતું. ભક્તો તપની માળા વખતે આ જ તપોમુદ્રામાં મંત્રજાપ કરતા નીલકંઠવર્ણીની સ્મૃતિ કરે છે.

આમ, ભગવાનને પ્રસન્ન કરવા માટે કષ્ટો સહન કરવાની ભાવનાને દૃઢાવવા અને ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે કરેલી કઠિન તપશ્ચર્યાની સ્મૃતિ કરવા તપની માળા કરવામાં આવે છે.

### ■ પ્રદક્ષિણા શું છે ? શા માટે ?

પ્રદક્ષિણા એ પૂજાવિધિનું એક મહત્ત્વનું અંગ છે.

સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ એ જ સમસ્ત વિશ્વનું અને આપણા જીવનનું કેન્દ્રબિંદુ છે. એમનો આદર કરવા, એમના મેળાપનો હર્ષ વ્યક્ત કરવા, પરમાત્માને જ કેન્દ્રમાં રાખી માનવી મંત્ર જાપ સાથે ઘૂમે છે, તે જ પ્રદક્ષિણા. ખાસ કરીને જમણો હાથ અંદર રહે તે રીતે ફરે છે તે જ પ્રદક્ષિણા.

જીવનના દરેક કાર્યમાં ભગવાનને કેન્દ્રમાં રાખીએ તો ક્યારેય વિઘ્ન નહીં આવે. જીવનની પ્રત્યેક ક્ષણમાં ભગવાનને કેન્દ્રમાં રાખવાનો, મુખ્ય રાખવાનો નિર્દેશ કરતી ક્રિયા તે જ પ્રદક્ષિણા. મહાભારતમાં ભગવાન વેદવ્યાસે આ જ અર્થ સૂચિત કર્યો છે. જેણે જે સમયે જીવનમાં ભગવાનને મુખ્ય રાખ્યા, તેને તે સમયે સફળતા મળી છે. પાંડવોએ જીવનના બધા પ્રસંગોમાં શ્રીકૃષ્ણને આગળ રાખ્યા, પણ જુગાર રમતી વેળાએ શ્રીકૃષ્ણની સલાહ ન લીધી તો પરિણામ શું આવ્યું ? સર્વનાશ !

પ્રત્યેક પ્રદક્ષિણા વખતે પરમાત્માની મૂર્તિ પાસે થોડું અટકી, નીરખીને પરમાત્માનાં દર્શન કરવાં. પ્રદક્ષિણા ધીરે ધીરે ફરવી, પરંતુ ઉતાવળી ગતિએ નહીં. વળી, પ્રદક્ષિણા ફરતી વખતે આપણે ભગવાનને પ્રાર્થના પણ કરતા રહેવી કે 'હે પ્રભુ ! આપ મારા જીવનની પ્રત્યેક ક્ષણે કેન્દ્રમાં રહેજો' અને સાથે સાથે આપણે પણ પ્રતિજ્ઞા દૃઢાવવાની કે 'હું મારા ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને મારા ગુણાતીત ગુરુ પ્રમુખસ્વામી મહારાજને જ જીવનના કેન્દ્રમાં રાખીશ.'

## ■ દંડવત્ પ્રણામ એટલે શું ? શા માટે ?

પ્રદક્ષિણા પછી નિત્યપૂજામાં પ્રભુને દંડવત્ પ્રણામ કરીએ

ભગવાન અને સંત પાસે અત્યંત દાસભાવ પ્રગટ કરવા ભક્ત દંડવત્ પ્રણામ કરે છે. પરમાત્માનાં ચરણોમાં દંડ એટલે કે લાકડીની જેમ પૃથ્વી પર શરીર પાથરી દેવું એ જ દંડવત્ પ્રણામ, જે પરમાત્મા અને ગુરુદેવ પ્રત્યે આદર કરવાની એક ક્રિયા છે.

સાષ્ટાંગ દંડવત્ પ્રણામમાં ૧. લલાટ (મસ્તક), ૨. આંખ, ૩. હાથ, ૪. વક્ષસ્થળ (છાતી), ૫. પગ, ૬. ઘૂંટણ (જંઘા), ૭. વાણી અને ૮. મન – આમ, છ સ્થૂળ અંગો અને બે સૂક્ષ્મ અંગો સહિત કુલ આઠ અંગો ભળે છે. આથી, એને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કહે છે.

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ એ પુરુષો માટે નિર્દિષ્ટ થયેલ છે, જ્યારે સ્ત્રીઓ માટે પંચાંગ પ્રણામ શાસ્ત્રકથિત છે : હાથ, પગ, મસ્તક, વાણી અને મન. આમ, પાંચ અંગોની ગણના પંચાંગ પ્રણામમાં થાય છે.

દંડવત્ પ્રણામમાં ત્રણ યોગાસનોનો સુમેળ છે – નમસ્કારાસન, એકપાદ પ્રસરણાસન અને ભુજંગાસન. આનાથી ગળાનો દુખાવો, કેડનો દુખાવો મટે છે. કરોડરજ્જુની સ્થિતિસ્થાપકતા વધે છે. ગરદન, ખભા, છાતી અને પીઠના સ્નાયુઓને કસરત મળે છે. પાચનશક્તિ વધે છે. પેનક્રિયાસ અને એડ્રિનલ ગ્રંથિઓ કાર્યાન્વિત થતાં ડાયાબિટીસ દૂર થાય છે.

આ તો થઈ શારીરિક લાભની વાત; પણ માનસિક લાભ વિશેષ છે. મૅડિકલ લાભ પણ વિશેષ છે.

મૅડિકલના અભ્યાસમાં એ વાત આવે છે કે આપણા શરીરની જુદી જુદી સ્થિતિમાં, દા.ત. બેઠા હોઈએ, સૂતા હોઈએ, ચાલતા હોઈએ વગેરેમાં આપણા શરીરની અંતઃસ્રાવી ગ્રંથિઓ પર જુદી જુદી અસરો થતી હોય છે. વૈજ્ઞાનિકોએ જુદી જુદી સ્થિતિમાં વ્યક્તિના શરીરનું બ્લડપ્રેશર, માનસિક પરિસ્થિતિ, લોહીમાં હોરમોન્સનું પ્રમાણ વગેરે માપ્યાં, તો દંડવત્ પ્રણામની મુદ્રામાં સૌથી શ્રેષ્ઠ અને સમતોલ પરિણામ મળ્યાં. માણસ ક્રોધ કરે ત્યારે શરીરમાં એવી રાસાયણિક પ્રક્રિયાઓ થાય છે કે જે લોહીને બગાડે, જે મગજને - જ્ઞાનતંતુને નુકસાન પહોંચાડે છે. આ ક્રોધ માનને કારણે ઊપજે છે. દંડવત્ પ્રણામમાં નમ્રભાવ છે, જેથી માન ન આવે અને પરિણામે ક્રોધ ન ઊપજે. આમ, માન અને ક્રોધ રૂપી દુર્ગુણોથી બચી, માનસિક શાંતિ અને આનુષંગિક શારીરિક લાભ વ્યક્તિને દંડવત્ પ્રણામથી પ્રાપ્ત થાય છે.

## ■ પ્રાર્થના એટલે શું ?

દંડવત્ પ્રણામ પછીનું નિત્યપૂજાનું અંગ છે - પ્રાર્થના.

પ્રાર્થના એટલે અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન થતો પરમાત્મા સાથેનો નીરવ સંવાદ, ભાવાત્મક વાર્તાલાપ. ક્યારેક તેને વ્યક્ત કરવા આપણે શબ્દોનો આશ્રય લઈએ છીએ. યુગોથી માનવી પ્રાર્થનાથી જ પરમાત્મા સાથે તાર જોડતો આવ્યો છે. પ્રાર્થના એટલે પ્રભુ પ્રત્યે પ્રેમનો સ્વીકાર; જેમાં સંપૂર્ણ સમર્પણભાવ હોય, દાસત્વભાવ હોય, ઊંચે ઊઠવાનો ભાવ હોય, પરમાત્મા સાથેના મિલનની ઝંખના હોય. હિન્દુ શાસ્ત્રો પ્રમાણે તો એક પશુ - ગજેન્દ્ર પણ અંતરના આર્તનાદથી પરમાત્મા સાથે જોડાણ સાધી શકે છે, પરમાત્માનું અવતરણ કરાવી શકે છે.

અંતરના ઊંડાણમાંથી પરમાત્મા પ્રત્યે પ્રેમ, દાસત્વભાવ વ્યક્ત કરતી બધી જ ભાવનાઓ પ્રાર્થના છે, અને તે યોગ્ય જ છે. છતાં ઘણી વખત, પૂર્વે સંતો-ભક્તો વડે ઉચ્ચારાયેલી પ્રાર્થના આપણા ભાવોને પણ વ્યક્ત કરે છે અને શુદ્ધ કરે છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે મહેળાવ ગામે ગુરુ શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં જે અંતરના ભાવો વહાવ્યા એ રસ ચાખવાનું આપણને વારંવાર મન થાય છે. શ્રીજીમહારાજ પાસે સારંગપુર ગામે પુષ્પદોલોત્સવ પ્રસંગે બાઈ ભક્તોએ ફગવાની પ્રસાદીની માગણીરૂપે કરેલી પ્રાર્થના 'મહાબળવંત માયા તમારી....' (ભક્તચિંતામણિ, પ્ર. ૬૪) પણ આપણા ભાવો દૃઢાવે છે.

તદુપરાંત વચનામૃતમાં શ્રીજીમહારાજે પણ પ્રાર્થના કેવી કરવી એ બતાવતાં કહ્યું છે :

'હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજ્યો અને નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજ્યો.' 'હે મહારાજ ! હે સ્વામિન્ ! હે કૃપાસિંધો ! હે શરણાગત પ્રતિપાળક ! કુસંગી થકી મારી રક્ષા કરજ્યો.' (ગ.પ્ર. ૪૮)

'અહં-મમત્વરૂપ માયા થકી રક્ષા કરજ્યો અને તમારે વિષે પ્રીતિ થજો અને એ માયાને તર્યા હોય અને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થજ્યો અને સાધુને વિષે હેત ને મમત્વ થજ્યો.' (ગ.અં. ૩૯)

## ■ પ્રાર્થનાના લાભ શા ?

પ્રાર્થનાથી પરમાત્મા પ્રત્યેનો પ્રેમ દૃઢ થાય છે, શુભ ભાવનાઓ અંતરમાં ઘૂંટાય છે.

પ્રેમ હંમેશાં આપતા શીખ્યો છે, માગતા નહીં. આવો શુદ્ધ પ્રેમ અંતરમાં પ્રગટ થતો જાય તેમ તેમ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની આત્મીય ભાવના જાગ્રત થાય છે. વ્યક્તિનાં આંતરિક માન, ઈર્ષ્યા, રાગ-દ્વેષ વગેરે દોષોનું શમન થાય છે. આથી, આંતરિક શાંતિ તો મળે જ છે, પરંતુ આંતરિક સંઘર્ષોને કારણે થતા શારીરિક રોગોનું પણ નિવારણ સહેજે થઈ જાય છે.

કેનેડાના ડૉ. રોબર્ટ ક્લિફ એમના પુસ્તક 'Lesson in Living'માં કહે છે : 'રોગનાશ માટે શુભ ભાવના અગત્યની છે.' 'Every man's Search'માં શ્રીમતી રિબેકા બિયર્ડ કહે છે : ''એક મહિલા સંધિવાથી પીડાતી હતી. પતિનાં અશુદ્ધ અંગ્રેજી ઉચ્ચારણો એને કઠતાં. એ ચિંતા એને સતાવતી રહી. ડૉક્ટરે આ સ્ત્રી એના રોગથી મુકત થાય એ માટે પ્રાર્થના કરી અને એ સ્ત્રી પાસે પણ પ્રાર્થના કરાવડાવી, 'હે પરમેશ્વર ! હું મારા પ્રિયજનોને એમ નહીં કહું કે તેઓ આમ જ કરે કે તેમ જ કરે. એમની પાસે હું અપેક્ષા નહીં રાખું કે તેઓ મારી વાતોને શિરોમાન્ય કરે અને તેને જ અનુસરે. મને એવી શક્તિ આપો કે હું મારા પ્રિયજનોને માત્ર પ્રેમ કરું. કોઈ પણ અપેક્ષા વગર મારી માન્યતાઓ અનુસાર ચલાવવા માટે પરેશાન ન કરું.' અને સ્ત્રી રોગમુક્ત બની.''

'ભગવાને મારો ક્રોધ દૂર કર્યો, દુર્ભાવનાઓ અને ચિંતાનો નાશ કરી નાખ્યો છે. હું કદી ક્રોધ નહીં કરું. હું કદી ચિડાઈશ નહીં, હું કદી ડરીશ

નહીં.' હાઈ બ્લડપ્રેશરનો દરદી આ પ્રકારની ભાવના દૃઢ કરે અને એ માટે ભગવાનને પ્રાર્થના કરે તો એનું બ્લડ-પ્રેશર ઓછું થઈ જાય છે. વળી, હૃદયરોગની દવા નિષ્કામ ભગવત્પ્રેમ છે - એમ બતાવાયું છે.

આ રીતે પ્રાર્થના દ્વારા આંતરિક દોષો દૂર થતાં શરીરના રોગો દૂર થાય છે અને એથીયે વિશેષ તો કૌટુંબિક-વ્યાવહારિક ઝઘડાઓનું શમન થઈ જાય છે તે લાભ છે.

આ રીતે વ્યક્તિગત લાભ અને સામાજિક લાભ થાય છે. વિશ્વશાંતિનાં બીજ પ્રાર્થનાથી વવાય છે અને એમાંથી જ મોટું વૃક્ષ પલ્લવિત થાય છે.

આમ, પ્રાર્થનાથી અંતરના દોષો દૂર થાય છે... અંતર શાંત થાય છે... શારીરિક રોગો મટે છે... મન શાંત થતાં કૌટુંબિક-વ્યાવહારિક ઝઘડાઓ ઉત્પન્ન જ થતા નથી... વ્યક્તિ સુધરતાં સામાજિક લાભ થાય છે... વૈશ્વિક શાંતિનાં બીજ વવાય છે... ભગવત્પ્રેમ ઉત્કટ બને છે... અહીં જ ભગવાનનું ધામ ખડું થાય છે... શાંતિ થાય છે.

**■ શિક્ષાપત્રીનું વાંચન**

શિક્ષાપત્રી આપણા જીવનની નિયમાવલી છે. દરેક વસ્તુની ચોક્કસ નિયમાવલી હોય છે. એ નિયમો ન જાણતા હોઈએ, તો મુશ્કેલી થઈ જાય. પ્રેશર કૂકરના નિયમો આપણે ન જાણતા હોઈએ અને પાણી નાંખ્યા વગર જ કૂકરને ચૂલા પર ચડાવી દઈએ તો ? રસ્તામાં આપણે ચાલતા હોઈએ અને ટ્રાફિકના નિયમો ન જાણતા હોઈએ તો ? અકસ્માત થાય. આપણા જીવનમાં અકસ્માતો ન થાય એ માટે શ્રીજીમહારાજે નિયમો ઘડી આપ્યા છે. જીવનમાં ક્યાં અને ક્યારે શું કરવું, શું ન કરવું એની સ્પષ્ટતા કરતો સ્મૃતિગ્રંથ - ધર્મગ્રંથ એટલે જ શિક્ષાપત્રી. આથી જ, એનું વાંચન જરૂરી છે.

આશ્રિતજનો માટે તો શ્રીજીમહારાજની આજ્ઞા જ છે કે નિત્ય શિક્ષાપત્રીનું વાંચન કરવું. વાંચતાં ન આવડતું હોય તો બીજા પાસેથી સાંભળવી અને સંભળાવી શકે તેવું કોઈ ન હોય તો શિક્ષાપત્રીની પૂજા કરવી. (વચ. ગ.અં. ૧, શિક્ષાપત્રી-૨૦૮)

આ વિધિનિષેધને એક વખત વ્યવસ્થિત સમજી લીધા પછી દરરોજ વાંચવાની શી જરૂર ? પરંતુ શિક્ષાપત્રી એ ધર્મગ્રંથ છે. ધર્મ એ આચરણની વસ્તુ છે અને આચરણ એ ઘણું જ કપરું ચઢાણ છે. આસક્તિવશ માનવી એ માર્ગેથી ઘણી વખત જાણવા છતાં લપસી પડે છે. એનું પ્રતિદિન વાંચન, શ્રવણ-મનન કરવાથી જ આ આચરણની યથાર્થ દૃઢતા થાય છે. જેના જીવનમાં ધર્મનો સાક્ષાત્કાર થઈ જાય એવા પુરુષો પણ અન્યની શિક્ષા માટે આ નિત્યવાંચનરૂપી નિયમનો ત્યાગ કરતા નથી.

શિક્ષાપત્રીનું નિયમિત વાંચન કરવાથી નિયમ-પાલનનું જાણપણું રહે છે. પરિણામે, દુર્ગુણો ટળે છે અને ભક્તિના માર્ગે આગળ વધવાનું બળ મળતાં અંતરમાં શાંતિ રહે છે.

**■ બાહ્યોપચારની શી જરૂર ?**

ક્યારેક લોકો સવાલ કરતા હોય છે : પૂજા, તિલક-ચાંદલો, પ્રદક્ષિણા, માળા વગેરેમાં ભાવના જ પ્રધાન છે, તો આવી સ્થૂળ ક્રિયાઓ અથવા બાહ્ય ઉપચારની શી જરૂર છે ?

સાધકના જીવનમાં જ્યાં સુધી ભાવનાની સંપૂર્ણતઃ જાગૃતિ ન થઈ હોય, ત્યાં સુધી ભાવના જગાવવા માટે, સ્થિર કરવા માટે અને તેનું સાતત્ય અનુભવવા માટે ક્રિયાનું માધ્યમ અત્યંત આવશ્યક છે.

જ્યારે સાધકના જીવનમાં ભાવનાની જાગૃતિ થઈ જાય, ત્યારે તેને માટે સ્થૂળ ક્રિયાનું મહત્ત્વ રહેતું નથી એ વાત સાચી, પરંતુ જે સાધક આવી સિદ્ધદશાને ખરા અર્થમાં પામે છે, તે બાહ્ય ક્રિયાઓને છોડી દેવાનું ક્યારેય પસંદ કરતો નથી, કારણ કે મનનો ક્યારેય વિશ્વાસ ન કરવો એવો શાસ્ત્રોમાં મત છે.

શ્રીમદ્ભાગવત (૫/૬/૩-૪) કહે છે :

*ન કુર્યાત્કર્હિચિત્ સખ્યં મનસિ હ્યનવસ્થિતે ॥*

અર્થાત્ મન અતિ ચંચળ હોવાથી સર્વદા એક સ્થિતિ વિનાનું છે. માટે તેનો ક્યારે પણ 'મારે વશ થયું છે માટે અનર્થ કરશે નહીં' એવો વિશ્વાસ કરવો નહીં, કેમ કે મનનો વિશ્વાસ કરવાથી બહુકાળે મહાપ્રયાસથી સંપાદન કરેલું સૌભરિ વગેરે મોટા ઐશ્વર્યવાળાઓનું પણ તપ ક્ષય થઈ ગયું છે.

વળી, સિદ્ધ થયા પછી પણ બહુજનહિતાર્થે આ ક્રિયાઓ ચાલુ રાખવી જરૂરી છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે :

*યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ॥*

*સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥* (૩/૨૧)

અર્થાત્ શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે તેનું અનુકરણ બીજા લોકો કરે છે. તે જેને પ્રમાણ બનાવે છે તે અનુસાર લોકો વર્તે છે.

મોટાનું અનુકરણ સૌ કરે. માટે સાચા માર્ગની નિસરણી તોડી શા માટે નાંખવી ? આથી, ભાવના સ્થિર થયા પછી પણ જીવનમાં ક્રિયા તો રહે જ છે. હકીકતમાં તો આવી ભાવનાની સ્થિરતા થયા પછી બાહ્ય ક્રિયાઓ ભારરૂપ લાગતી નથી. એના માટે એ ક્રિયાઓ સહજ બની જાય છે. તેને છોડવાનો વિચાર સુધ્ધાં આવતો નથી.

જ્યાં સુધી ક્રિયાઓ ભારરૂપ લાગે છે, ત્યાં સુધી ભાવના પ્રગટી જ નથી. જેને નથી કરવું, સાચે માર્ગે નથી ચાલવું એ વ્યક્તિ પોતાની બુદ્ધિમત્તા વ્યક્ત કરવા, અહંકાર દર્શાવતા આ ક્રિયાઓને વ્યર્થ આડંબર ગણાવી ઉપેક્ષા કરે છે; પરંતુ જે કોઈ પોતાના ક્ષેત્રમાં ખૂબ આગળ વધ્યા છે, તેમના જીવનમાં પોતાના ક્ષેત્ર સાથે સંકળાયેલી નાની-નાની ક્રિયાઓનું મહત્ત્વ ક્યારેય ગૌણ થયું નથી. જગતના મહાન સંગીતકારોને પૂછી જોજો કે એમણે એમનો રિયાઝ ક્યારે બંધ કર્યો ? ખ્યાતનામ રમતવીરોએ પ્રૅક્ટિસ કરવી ક્યારે છોડી ? એમની નિત્ય સાધનામાં થોડો વિક્ષેપ પણ તેઓ ચલાવી લેતા નથી. વૈજ્ઞાનિકો એમના પ્રયોગોમાં સાવ નજીવી ભૂલ ચલાવી લેશે ખરા ? ના. કેમ ? પ્રયોગનું પરિણામ ખોટું આવે.

નિયમો પરિણામાત્મક હોય છે તો ક્યારેક ભાવનાત્મક. ભાવનાત્મક નિયમોની પરિણામ પર સીધી અસર જણાતી નથી, પણ એની અસર ઘણી સચોટ અને ઊંડી છતાં અદૃષ્ટ હોય છે. યુદ્ધમાં સૈનિકને બહાદુરીપૂર્વક લડતાં આવડે એટલું શું બસ નથી ? તો પછી પહેરવેશ અમુક જ પ્રકારનો શા માટે ? યુદ્ધ વખતે ક્યાં માર્ચિંગ કરવાનું હોય છે, તો આડે દિવસે એની જરૂર શી ? સલામી આપે તો જ કમાન્ડરને આદર આપ્યો કહેવાય ? અંતરથી એમના પ્રત્યે માન તો છે જ; પરંતુ આ બધા નિયમો સૈનિકના અંતરમાં શિસ્તની અગત્યતાની ઊંડી અસર પાડે છે, જેને પરિણામે ગમે તેવા વિકટ સંજોગોમાં પણ સૈનિક શિસ્તનું ઉલ્લંઘન કરતો નથી, હુકમનો અનાદર કરતો નથી. અને ત્યારે જ સૈન્યની યુદ્ધમાં જીત થાય છે.

આ રીતે સાધકના જીવનમાં ભાવનાઓની જાગૃતિ માટે, સ્થિરતા માટે અને તેનું સાતત્ય અનુભવવા માટે નિયમોની જરૂર છે. જ્યારે જેમને ભાવનાઓ સિદ્ધ છે તેવા પુરુષોએ અન્ય જનો માટે આદર્શ સ્થાપિત કરવા નિયમો પાળવાની જરૂર છે.

**■ ઘરમંદિરમાં નિત્યપૂજા કરી લઈએ તો ?**

નિત્યપૂજા શું છે એની વિગતે ચર્ચા આપણે કરી. એમ ઘરમંદિર પણ આપણા આહ્નિકનું અગત્યનું અંગ છે. બન્નેની અગત્ય છે. પરંતુ નિત્યપૂજા એ ઘરમંદિરની ખોટ પૂરતી નથી, તો ઘરમંદિર નિત્યપૂજાની ગરજ સારતું નથી. ઘરમંદિરમાં ઘરની સામૂહિક સાધના-ભક્તિભાવ ભળે છે. નિત્યપૂજામાં ભક્તને ભગવાન સાથે સીધો સંબંધ છે, વ્યક્તિગત સાધના છે. વળી, વ્યક્તિગત પૂજામાં, ભગવાનની ચિત્રપ્રતિમાનું અર્ચાસ્વરૂપ, ભક્ત ગમે ત્યાં જાય સાથે રાખી શકે છે અને ગમે તે સ્થળે નિત્યપૂજા કરી શકે છે. જેથી પૂજાની નિયમિતતામાં વિક્ષેપ આવતો નથી. બાકી નિત્યપૂજા ન હોય તો બહારગામ જતાં પૂજા અટકી પડે છે અને પછી વિષયના ચગડોળે ચડી જતાં સન્માર્ગે આવવાનું મન થતું નથી. આમ, સમગ્ર પરિવારનો સામૂહિક ભક્તિભાવ રજૂ કરવા માટે ઘર-મંદિરની અને પોતાની વ્યક્તિગત સાધનામાં વિક્ષેપ ન આવે તે માટે વ્યક્તિગત પૂજાની – એમ બંનેની જરૂર છે.

અંતે, નિત્યપૂજા અંગે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં પ્રેરણાવચનોનું પાન કરીએ : *'પૂજા કાપીએ તો આપણે કપાઈ જઈએ. સવારે નાહી-ધોઈને પૂજામાં ભગવાન પાસે બેસી જ જવું ને માળા ફેરવવી. નાહવા-ધોવામાં થોડો સમય કાપી નાંખવો. આ તો વહેલું-મોડું થાય તો પૂજાને જ કાપી નાંખે, પણ પૂજા કાપીએ તો આપણે કપાઈ જઈએ. માટે પૂજા ન મૂકવી અને તિલક-ચાંદલો ભપકાબંધ કરવો.'*

*'પૂજા કરવાનો સમય નથી મળતો ? તમને ખાવાનો સમય કઈ રીતે મળે છે ? ભલા આદમી ! જેમણે આપણને ૨૪ કલાક વાપરવા આપ્યા એમાંથી ફક્ત પા કલાક કે અર્ધો કલાક પણ એ ભગવાનની પાછળ ન ગાળીએ તો આપણા જેવો કૃતઘ્ની કોણ ?'* ◆

# (3)

# સેવા-સમર્પણની ગાથા - લોસ એન્જલસ મંદિર

એક મંદિરનું નિર્માણ થાય છે ત્યારે સમર્પણની વેદી પર તેની પ્રથમ શિલા મુકાય છે, અને સેવાની પ્રચંડ જ્યોતિ પ્રજ્વલિત થાય છે ત્યારે જ મંદિરના શિખર પર ધજાઓ ફરફરતી થાય છે.

લોસ એન્જલસના ઉપનગર ચિનો હિલ્સ ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે રચેલું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તેની પ્રતીતિ કરાવે છે.

કોઈએ ધનનું સમર્પણ કર્યું, તો કોઈએ ધન અને તનનું, કોઈએ જીવન સમર્પણ કર્યું, તો કોઈએ સર્વસ્વ.

લોસ એન્જલસ અને સમગ્ર પશ્ચિમ કિનારાનું બી.એ.પી.એસ. સત્સંગમંડળ એટલે નાનું એવું સત્સંગમંડળ. મહદ્ અંશે મધ્યમવર્ગીય હરિભક્તોનું મંડળ. અહીંના સત્સંગમંડળમાં ન તો કોઈ અબજોપતિ છે કે ન તો કોઈ મોટા સત્તાધીશ. પરંતુ સૌનું હૈયું અબજોપતિ કે સત્તાધીશ કરતાંય વધુ ઉદાર અને સમર્પણનિષ્ઠ છે. અને તેના મૂળમાં છે - પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય પ્રભાવ અને હરિભક્તોનો તેમના પ્રત્યેનો અનન્ય ભક્તિભાવ.

સ્વામીશ્રીના લાડીલા એવા કેટલાય હરિભક્તોના પ્રસંગોની હારમાળા હૈયે ઊભરાય છે, જેમણે સ્વયંનો વિચાર છોડીને, સ્વામીશ્રીના વચને આ મંદિરના નિર્માણ માટે, રંતિદેવના આખ્યાનને ચરિતાર્થ કર્યું છે. થોડાંક ઉદાહરણો આ રહ્યાં.

નીતિનભાઈ કારિયા. છેલ્લાં બે વર્ષથી નોકરી નથી. પત્ની બેંકમાં કામ કરે અને તેનાથી ઘરવ્યવહાર ચાલે. નીતિનભાઈ એક અચ્છા ગાયક છે. કીર્તનો પણ રચે છે. તેઓ ભક્તિ-સંગીતના કાર્યક્રમો કરવા જાય ત્યાં પૈસા માગતા નથી, છતાં સામેથી જે કંઈ રકમ આવે છે તે બધી જ મંદિરમાં સેવામાં અર્પણ કરી દે છે. સ્વાભાવિક છે કે ઘરમાં પૈસાની ખેંચ રહ્યા કરે, પણ આ ભક્ત એવી રીતે પોતાની બધી આવક અર્પણ કરી દે કે કોઈને તેની જાણ પણ થવા ન દે !

૧૯૮૪માં નવા સત્સંગી થયેલા ભાઈલાલભાઈએ સ્વામીશ્રીના વચને સેવા કરી અને તેઓના આશીર્વાદથી ખોટમાં જતી તેમની મોટેલ ધમધોકાર ચાલવા લાગી. હવે તેઓ સેવાનો કોઈપણ પ્રસંગ જતો કરતા નથી. ૨૦૦૭માં સ્વામીશ્રીની આજ્ઞાથી મોટી સેવા લખાવી, તે વખતે તેમના પુત્ર નીલેશે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! બે વર્ષમાં આનાથી પણ વધુ સેવા કરીશ.' એ વચન તેમણે બીજે જ વર્ષે પૂર્ણ કર્યું ! નીલેશનાં માતુશ્રી ધામમાં ગયાં તેનાં ઘરેણાંના ભાગ ન પાડતાં બંને પુત્રોએ મંદિરમાં અર્પણ કરી દીધાં.

ટુસાન-એરિઝોનામાં રહેતા બાબુભાઈ પટેલની આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં મંદિરનિર્માણ માટે સંકલ્પ મુજબની સેવા તેમણે અર્પણ કરી દીધી. થોડા સમય પછી સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે ફરીથી તેમણે સેવા માટે સ્વામીશ્રીનું વચન અધ્ધર ઝીલી લીધું. ઘરે જઈ પત્ની, પુત્ર અને પુત્રવધૂ - ત્રણેને આ વાત કરી. ત્યારે તેઓ ત્રણે કહે : 'તમે આનાથી વધારે સંકલ્પ કેમ ન કર્યો ! સ્વામીશ્રી કહે તેનાથી આપણે સવાયું કરવું જોઈએ ને ! ઢીલા કેમ પડ્યા ?' અને સૌને આશ્ચર્ય હતું કે અમેરિકાની કમરતોડ મંદીમાં અનેક કસોટીઓ વચ્ચે પણ આ પરિવારે તે બધી જ સેવા ભરપાઈ કરી દીધી !

ફિનિક્સવાળા આશિષભાઈ મોદીને મંદિર શિલાસ્થાપન વખતે જ નોકરી છૂટી ગઈ. પત્નીને પાર્ટટાઈમ નોકરી હતી. ભારત પાછા આવવું પડે તેવી પરિસ્થિતિ આવી. આવા સમયે તેમણે સેવા લખાવી. જોકે સંતોએ સેવા લેવા ના કહી. તો તેઓ રડવા લાગ્યા ને કહે : 'અમારું તો બાપા સંભાળશે, પણ આ સેવા ફરી નહીં મળે, માટે કરવા દો.' અને કપરામાં કપરી પરિસ્થિતિમાં તેમણે સેવા કરી દીધી.

કંડારીવાળા ઘનશ્યામભાઈને નાની એવી મોટેલ છે. હમણાં આર્થિક મંદી હોવા છતાં તેમણે મોટી રકમ લખાવી ને મિત્ર પાસેથી ઉછીના લઈ તે સેવા ભરપાઈ કરી દીધી. ફરી ૨૦૧૦માં તેનાથી પણ સવાઈ રકમ લખાવીને પુનઃ સેવા કરી !

સાંકરી નજીક સામપુરાના પ્રમોદભાઈ, હિતેશભાઈ અને મહેશભાઈ - ત્રણે ભાઈઓમાં તેમના પિતા અ.નિ. જગુભાઈ તેમજ હયાત માતુશ્રીએ એવો સત્સંગ સિંચ્યો છે કે પોતાના વ્યવસાયમાંથી કમાણીનો મોટો ભાગ સેવામાં જ અર્પી દે છે ! વળી, ભારતનાં હરિમંદિરોમાં પણ તેમનો સેવાનો પ્રવાહ ચાલુ જ હોય. આર્થિક સેવા તો ખૂબ મોટી, તેમ છતાં સેવકભાવ એવો ને એવો. આ ત્રણે ભાઈઓએ એક ખૂબ સારી ચાલતી મોટેલ મંદિર-નિર્માણ માટે કૃષ્ણાર્પણ કરી દીધી ! અને માતુશ્રીએ કળશની સેવા કરી !

ઉમેશભાઈ પટેલ(કરોના)ને ૨૦૦૭માં સત્સંગ થયો, ત્યારથી ચઢતો ને ચઢતો રંગ છે. ૨૦૦૮માં મંદીનું મોજું આવ્યું તેમાં ધંધામાં ખોટ આવી. દેવું વધી ગયું. રહેવાનું ઘર ન રહે તેવી પરિસ્થિતિ ઊભી થઈ. છતાં તેમણે સેવાનો પ્રવાહ ચાલુ જ રાખ્યો છે. સ્વામીશ્રીએ તેમને કહેલું કે, 'તમે વાતો કરીને નિષ્ઠા કરાવો છો તે તમારી સેવા જ છે.' છતાં તેઓ આર્થિક સેવા પણ કરતા રહ્યા.

ચિનો હિલ્સના યુવકમંડળના કાર્યકર અંકિતભાઈ બ્રહ્મક્ષત્રિયે મકાન લેવા ડાઉનપેમેન્ટના ભેગા કરેલા બધી જ રકમ સેવામાં આપી દીધી ! સંતોએ આમ ન કરવા ખૂબ સમજાવ્યા ત્યારે તેઓ પોતાની આવક અને ખર્ચનો હિસાબ લખીને લાવ્યા ને કહ્યું : 'દર મહિને મારી અમુક રકમ તો સેવામાં લેવી જ પડશે.' સંતોએ તેમને તેમનાં પરિવારને પૂછીને આવવા કહ્યું. તેઓ કહે : 'મારાં પત્ની તો આ સેવાથી વધુ રાજી થશે ! ભલે બે વર્ષ સુધી કોઈ મારે બચત ન થાય પણ મંદિરનું કામ અધૂરું ન રહેવું જોઈએ, ભગવાનનું ઘર બંધાતું હોય ને અમારું બેંકમાં બેલેન્સ પડ્યું હોય તો જીવ બળે !'

છતાં સંતોના આગ્રહથી તેમણે પોતાનાં પત્નીને એ અંગે પૂછ્યું ત્યારે તેમાં તેણે વધારો કરાવ્યો ને કહ્યું : 'હું ઑવરટાઇમ ભરીશ પણ આટલી સેવા તો કરીએ જ.' સૌ નતમસ્તક થઈ ગયા !

થામણાવાળા ગિરીશભાઈ પટેલે પણ નવું મકાન લેવા ભેગા કરેલા તમામ પૈસા મંદિર-સેવામાં અર્પણ કરી દીધા !

જારોળાવાળા ઉપેનભાઈ જશભાઈ પટેલને સામાન્ય નોકરી છે. ધર્મપત્ની પણ નોકરી કરે, આવક તદ્દન ઓછી, પણ સમર્પણ મોટું ! ધર્માદો આપવામાં એકદમ નિયમિત. મંદિરમાં વિવિધ સેવાઓમાં પણ એટલો જ ઉત્સાહ. મંદિર ન થાય ત્યાં સુધી પોતાનું મકાન ન લેવું એવો સંકલ્પ. વળી, તપ ને ભક્તિમાં પણ ચઢિયાતા ! મંદિરના નિર્માણ માટે એમનાં પત્નીએ બધું સુવર્ણ અર્પણ કરી દીધું !

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના કૃપાપાત્ર ભુધરજીભાઈ મારુના દીકરા નવીનભાઈ છેલ્લાં છ વર્ષથી નોકરી પરથી છૂટીને સીધા મંદિરે સેવામાં લાગી જાય છે. પણ પગારનો મોટો ભાગ ધર્માદો કરી દે છે. સંતો તેમને નવું ઘર કે નવી ગાડી વસાવવા કહે ત્યારે તેમનો જવાબ હોય, 'પહેલાં મંદિર, પછી જ ઘરનો વિચાર.'

આપણાં શાસ્ત્રોમાં રાજા રંતિદેવ, રાજા બલિ કે કર્ણ અને દધીચિ મુનિના સમર્પણની ગાથાઓ ભૂતકાળ બની ગઈ છે. જ્યારે પ્રમુખસ્વામી મહારાજે આજે એ એકેએક પાત્રોની યાદ અપાવે એવા સમર્પણવીરો આ કળિયુગમાં પકવ્યા છે.

ચિનો હિલ્સમાં રહેતા પરેશભાઈ પટેલે વાતો કરવાની ઝુંબેશ ઉપાડી. સ્ટોરમાં નોકરી કરતાં કરતાં મંદિરની વાત કરે. ત્યાંના સ્થાનિક નિવાસી અમેરિકનોને મંદિર અંગેની ગેરસમજ હતી, તે દૂર કરવા ૧૫૦૦ જેટલાં ઘરે ફરીને તેમણે સંપર્ક કર્યો. સૌને સત્ય સમજાયું. સૌએ સંમતિપત્રક આપ્યા, જે સિટી કાઉન્સિલમાં મંદિરની ઊંચાઈ વધારવાની તરફેણમાં અસરકારક નીવડ્યા. પરેશભાઈ પર સ્વામીશ્રીની પ્રસન્નતા વરસી ગઈ. સારંગપુરમાં સ્વામીશ્રીએ પોતાના ગળાની માળા કાઢીને તેમને પહેરાવી દીધી !

રાજપુરવાળા નટુભાઈ ને તેમના પુત્ર પંકજભાઈ પટેલ મંદિર માટે હોમાઈ ગયા છે. મંદીના મારમાં ઘણી વાર ધંધામાં ભરતી-ઓટ આવી છતાં વ્યાજે પૈસા લાવીને પણ તેમણે સેવા પૂર્ણ કરી !

મૂળ નડિયાદના રાકેશભાઈ પટેલે તો બે વર્ષ સુધી ધંધામાં ધ્યાન જ આપ્યું નથી. તેમણે મંદિરના પ્રોજેક્ટ ઇન્ચાર્જ તરીકે વફાદારીપૂર્વક સેવા બજાવી. વળી, મંદિરની વિવિધ પરમિશનો માટે વારંવાર જવું પડે, મંદિરના આરસ માટે ત્રણવાર પોતાના ખર્ચે ઇટાલી જઈ આવ્યા. ચીન અને ભારત પણ ઘણી વાર જઈ આવ્યા. હૃદયરોગ, આંખમાં ઝામર જેવી શારીરિક તકલીફોમાં પણ સેવામાં ઓટ આવવા ન દીધી. પોતાની આવકનો ૮૦% ધર્માદો તેમણે મંદિર-નિર્માણમાં આપ્યો. વિઘ્નો વચ્ચે ભલભલાનું મન ડગી જાય પણ રાકેશભાઈ હિંમત હાર્યા નથી.

મંદિરમાં સલામતીની સેવા કરતા મનુભાઈ વઘાસિયાએ અન્ય હરિભક્તોને મહિમા સમજાવી પોતાની સાથે સલામતી સેવા માટે તૈયાર કર્યા, જેથી ભાડુતી સિક્યુરિટી ગાર્ડ્સની જરૂર ન પડે. આમ તેઓ દર વર્ષે ખૂબ મોટી રકમ મંદિરની બચાવે છે. મંદિરનિર્માણમાં વેગ આવે તે માટે તેમનાં પત્નીએ એક સ્ટોરમાં નોકરી શરૂ કરી, અને પગાર આવે તે બધો જ મંદિરમાં અર્પણ કરી દે ! વળી, મંદિર-નિર્માણ માટે ભારતથી આવેલા કારીગરોને મનુભાઈએ પોતાની મોટેલમાં બે વર્ષ સુધી રાખીને રાજી કર્યા.

વિક્ટરવીલવાળા હેમંતભાઈને તો આર્થિક સ્થિતિ સાવ સામાન્ય. નાની એવી મોટેલ. તે પણ ખોટમાં ચાલે. તેનો વીમો ભરવાના કે મેઇન્ટેનન્સ કરવાના પૈસા ન હોવા છતાં ગજાબહાર સેવા લખાવી ને ચૂકવી પણ દીધી ! હાલ ઘર ચલાવવા પેટ્રોલપંપ પર નોકરી કરે છે. છતાં નિષ્ઠાનો કેફ જાણે લાખોપતિ જેવો !

અશોકભાઈ પટેલે પોતાના ઘર પર લોન લઈ સેવા ભરપાઈ કરી દીધી. તો કૌશલ દવેએ પણ છેલ્લાં પાંચ વર્ષની મોટા ભાગની બધી જ આવક મંદિર-સેવામાં અર્પણ કરી દીધી.

કલ્પેશભાઈ સોલંકી મૂકસેવક છે. ૨૦૦૮માં તેમણે સેવા લખાવી. તેમનાં પત્ની કહે, 'કેમ ઓછી લખાવી ? હજુ પૈસા તો પડ્યા છે!' તેઓ કહે, 'બિઝનેસ માટે રાખ્યા છે.' તેમનાં પત્નીએ તેમને તે પૈસા લઈ પાછા મોકલ્યા ને સર્વસ્વ સમર્પણ કરાવી દીધું !

બેકર્સફીલ્ડમાં રહેતા મદનસિંહની નોકરી ચાર જગ્યાએ બદલાઈ. તેમને જ્યાં જ્યાં નોકરી મળી ત્યાં યોગાનુયોગ મંદિરોનાં નિર્માણ ચાલી રહ્યાં હતાં. તેઓ

૧૪ વર્ષથી અમેરિકામાં છે, છતાં એમણે એકપણ ડૉલરની બચત ન કરી ! મંદિરમાં સર્વસ્વ અર્પણ !

વ્યવસાયે ફાર્માસિસ્ટ ધર્મેશભાઈ પટેલ વચનામૃતના અભ્યાસુ છે, જ્ઞાનગોષ્ઠિનું અંગ તેમણે કેળવ્યું છે. મંદિરના નિર્માણની પ્રવૃત્તિને વેગ આપવા માટે કોઠારી સ્વામી ત્યાં આવ્યા ત્યારે ધર્મેશભાઈનાં પત્નીને વિચાર આવ્યો કે સંતો-ઠાકોરજીને ખાલી હાથે જવા દેવા નથી. અને તેઓ બધાં ઘરેણાં વેચીને સેવા આપવા તત્પર થયાં !

એલ.એ. મંદિર-પ્રોજેક્ટ જ્યારથી શરૂ થયો ત્યારથી સેક્રેમેન્ટોવાળા રથિનભાઈ રાવળે કમર કસી લીધી. પ્રથમ તેમણે ૨૦૦૪માં સર્વસ્વ સમર્પણ કર્યું. ફરી ૨૦૦૮માં ભક્તિપ્રિયદાસ સ્વામી પધાર્યા. ત્યારે પણ સર્વસ્વ અર્પ્યું. સંતોએ તેમને એમ કરતાં રોક્યા. ત્યારે તેઓ કહે : 'મેં સંકલ્પ કર્યો છે કે ઘરમાં થોડું પણ રાખ્યું હોય તો તે સર્વસ્વ અર્પણ કર્યું ન કહેવાય.' તેમણે પુનઃ એટલી જ સેવા કરી.

કીર્તનભાઈ અને નિખિલભાઈ બંને ભાઈઓ બધી સેવામાં તૈયાર. કીર્તનભાઈનાં લગ્ન તો હજુ હમણાં જ થયાં છે, તો પણ તેમનાં પત્નીએ ઘરેણાં અર્પણ કરી દીધાં. નવપરિણીત મેહુલ ઉપાધ્યાય અને તેમનાં પત્નીએ પણ એવું જ સમર્પણ કરી દીધું.

ગાંધીનગરના હિતેશ પરમાર પણ હજુ બે વર્ષ પહેલાં જ અમેરિકા આવ્યા છે. નાની કેમ્પસ જોબ કરે પરંતુ ઘરખર્ચ પણ કાઢવો મુશ્કેલ. તેમનાં પત્નીએ પોતાનાં બધાં જ ઘરેણાં સેવામાં અર્પણ કરી દીધાં. તે લેવાની તેમને ના પાડવામાં આવી તો હિતેશભાઈ ગળગળા થઈ ગયા. તેમનાં બંને બાળકોએ ડિઝનીવર્લ્ડ જોવા એકઠા કરેલા ડૉલર પણ સેવામાં અર્પણ કરી દીધા !

૮૦ વર્ષના વૃદ્ધ વી. સી. દાસે વિચાર્યું કે આ વયે સોનાની કંઠી ને વીંટી શું પહેરવાં ! એમ વિચારી તે અર્પણ કરી દીધું અને સાથે પોતાની સોશિયલ સિક્યુરિટીની રકમ મળતી તે પણ યજ્ઞમાં નોંધાવી દીધી. વળી, આખો દિવસ મંદિરની સેવામાં લાગી ગયા !

આ તો થઈ મોટાઓની વાત, પણ સિંહસંતાનો સમાં બાળકો-કિશોરો-યુવકોએ પણ સેવામાં એવો જ ત્યાગ-સમર્પણનો જુસ્સો બતાવ્યો. પોતાની ખિસ્સા-ખર્ચી બચાવીને, મનપસંદ વસ્તુનો ત્યાગ કરીને, ભણતાં ભણતાં નોકરી કરીને, અમેરિકનોના ઘર-આંગણે બગીચાની લોન કાપીને - એમ અનેક પ્રકારે નાણું એકત્ર કર્યું. તેની સાથે સાથે મંદિરમાં સમયનું દાન કરીને અપાર શારીરિક સેવા કરી છે. કેટલાક યુવાનો તો સંપૂર્ણ સેવામાં જોડાઈ ગયા.

અંકિત નિખિલભાઈ પટેલ પોતાની કારકિર્દીને ગૌણ કરી મંદિરનિર્માણમાં હોમાઈ ગયા. ખૂબ જ આર્થિક જરૂરિયાત હોવા છતાં ઋષિ હેમંતભાઈ પટેલ જોબ કરવાને બદલે મંદિરમાં સાફસૂફીથી માંડીને બાંધકામ સંબંધી બધી જ સેવામાં સમર્પિત થઈ ગયા. કેટલાય યુવકો-કિશોરો અભ્યાસ ઉપરાંતના સમયમાં મંદિરની પથ્થર-ઘસાઈ જેવી સેવામાં લાગી જ જાય. શિયાળું વેકેશનમાં તો સવારથી સાંજ સુધી મોટી સંખ્યામાં બાળકો-કિશોરો સેવામાં આવી જાય. મંદિરના બાંધકામમાં ક્યારેક કારીગરોની અછત હોય તો કિશોરો પોતે હેલ્પર તરીકે લાગી જતા. કન્સ્ટ્રક્શનના લાકડાં કાઢવાનાં હોય કે કોલમ ઊભા કરવાના હોય, બિનઅનુભવી હોવા છતાં આ યુવાનોએ સેવામાં દિલ રેડી દીધું. એમાંય સાનહોઝે, પોર્ટલેન્ડ, ફિનિક્સ, સાનડિયાગો, ફ્રેઝનો, બેકર્સફીલ્ડ જેવાં દૂર-સુદૂરનાં સત્સંગ-કેન્દ્રોમાંથી તો છ-સાત કલાકનું ડ્રાઇવ કરીને યુવાનો સેવામાં આવે ને પાછા જાય. વિરાજ પટેલ, સાહિલ પટેલ વગેરે યુવકો મંદિર-નિર્માણની સેવામાં સાનહોઝેથી છેક ચિનો હિલ્સ સુધી નિયમિત આવતા રહ્યા અને અન્ય કિશોરોને પણ સેવામાં લાવતા રહ્યા. નવીનભાઈ મારુનો કૉલેજિયન પુત્ર રવિન અને તેના પિતાએ કડિયાને લગતી કામગીરી શીખી લીધી ને કારીગરની જગ્યાએ પોતે કામ કર્યું, તેમાં હજારો ડૉલર બચાવ્યા !

કીર્તન કનુભાઈ પટેલે જોયું કે સ્કૂલમાં ચીપ્સ વગેરે ખરીદવા વિદ્યાર્થીઓની મોટી લાઈન લાગે છે અને તેમાં ઘણા કંટાળે છે. કીર્તને તેમાં મંદિરની સેવાની તક જોઈ. બીજા વિદ્યાર્થીઓ વતી તેણે ડમી તરીકે લાઇનમાં ઊભા રહેવાનું સ્વીકાર્યું. તે માટે તે ૨૫ સેન્ટ લેતો. આમ કરતાં તેણે ૫૦૦ ડૉલર એકત્રિત કર્યા ! ને મંદિરમાં અર્પણ કર્યા.

વંદન નિમેષભાઈ પટેલે પેટ્રોલ સ્ટેશને ઊભા રહીને લોકોને મદદ કરી, અને તેમાં મળેલી ટિપ્સ તેણે મંદિરમાં અર્પી દીધી !

સન ૨૦૦૪થી બાળમંડળનાં બાળકોએ બચત કરી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવાની, તેમજ અન્ય ત્રણ પ્રોજેક્ટની તમામ સેવા ઉપાડી લીધી ! ઘણાએ અન્ય ઘરોમાં વેક્યુમ-ક્લીનરથી સાફસફાઈ કરીને, વાસણ ઊટકીને, ટ્રેશ પિકઅપ કરીને - વિવિધ રીતે સેવા એકત્રિત કરી. ઘણાંએ બર્થ-ડે ગિફ્ટ ન લેતાં તે પૈસા સેવામાં આપ્યા. તો કોઈએ બહારનું નહીં ખાવાનો નિયમ ધારણ કરી પૈસા બચાવ્યા. આમ, સ્વામીશ્રીના આ નાનાં બાળ-બાલિકાઓનાં અંતરમાં પણ એક વિરાટ મંદિર નિર્માણ પામી ગયું.

આજે તન-મન-ધનથી સમર્પિત થયેલા આ હજારો ભક્તોની સમર્પણ નિષ્ઠાનાં શિખરો ગગનમાં જયજયકાર કરી રહ્યાં છે. આવું અદ્‌ભુત મંદિર સર્જવામાં બલિદાન કરી ચૂકેલા એ સમર્પણ-નિષ્ઠ ભક્તોને ન કોઈ સ્વાર્થ છે, ન કોઈ અપેક્ષા છે. એમને જોઈએ છે - પોતાના પ્રાણપ્યારા ગુરુહરિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રસન્નતા ! અને તેઓ એ પામી ગયા છે.

આ ભક્તોના સમર્પણભાવથી રાજી થઈને સ્વામીશ્રી બોલી ઊઠ્યા હતા : 'તમારા સૌની સેવા જોઈને શ્રીજીમહારાજ, યોગીજી મહારાજ, રાજી થાય છે. તમને કરોડ કરોડ ધન્યવાદ છે.' ◆